CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 15


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ


લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 38, Dt. 12-06-2026 (FRIDAY) Rs. 02/- **Page :** 32, RNI No. GUJGUJ/2023/84789


## 4 વર્ષમાં કામગિરીનું કંકાલ બહાર; ચોમાસા પહેલા જ તંત્રની પોલ ખૂલ્લી

# પ્રી-મોન્સૂનના દાવા ફેલ

# નાનામૌવા બ્રિજમાં પાણીના નિકાલના પાઈપ તૂટેલા !








તસવીરઃ અક્ષય ગોંડલિયા

## પાંચ ઈંચ વરસાદ પડે તો નાનામૌવા ચોક પાણીમાં ડૂબશે : મોટાભાગના પાઈપ તૂટેલી-ફૂટેલી હાલતમાં






**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં વિકાસના દાવા વચ્ચે નાના મોવા બ્રિજની ખરાબ હાલત ચિંતાનો વિષય બની છે. માત્ર ચાર વર્ષ પહેલાં બનેલો આ બ્રિજ આજે જ પ્રશ્નોના ઘેરામાં આવી ગયો છે. બ્રિજ નીચેના પાણીના નિકાલ માટેના પાઇપ તૂટેલા જોવા મળી રહ્યા છે, જ્યારે અનેક જગ્યાએ જોડાણમાંથી લીકેજ થઈ રહ્યું છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, વરસાદી મોસમ પહેલાં જ જો આવી સ્થિતિ છે તો ચોમાસામાં અહીં પાણી ભરાવાની ગંભીર સમસ્યા ઉભી થઈ શકે છે. પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે આ વિસ્તાર "જળબંબાકાર ઝોન" બની શકે તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

**સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... રિયાલિટી ચેક**

પ્રી-મોન્સૂન કામગિરી અંગે રાજકોટ મહાપાલિકાએ મોટા દાવા કર્યા હતા, પરંતુ ગ્રાઉન્ડ રિપોર્ટમાં આ દાવાઓ ખોટા સાબિત થઈ રહ્યા છે. બ્રિજની નીચે તૂટેલા પાઇપ, બિનજોડાયેલ નિકાલ લાઈન અને ગંદકીના ઢગલા પ્રશાસનની બેદરકારી દર્શાવે છે. સ્થાનિકોમાં આ મુદ્દે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો પ્રશ્ન છે કે, "ચાર વર્ષમાં જ બ્રિજની આવી હાલત થાય તો જવાબદાર કોણ?" હવે જો તંત્ર સમયસર જાગશે નહીં તો ચોમાસામાં મોટી દુર્ઘટના બનવાની ભીતિ નકારી શકાય નહીં. હવે સવાલ એ છે તંત્ર પગલાં લેશે કે પછી કોઈ મોટી ઘટનાની રાહ જોશે?



### 150 ફૂટ રિંગ રોડ નાનામવા સ્પ્લિટ ફ્લાય ઓવરબ્રિજ

- સ્ટાર્ટિંગ પોઇન્ટઃ ટ્વિન સ્ટાર બિલ્ડિંગ
- એન્ડિંગ પોઇન્ટઃ રિલાયન્સ મોલ પાસે
- લંબાઈઃ ૬૩૦.૦ મીટર
- પહોળાઈઃ ૨૪૮.૪ મીટર (૨-લેન)
- હાઈટઃ ૫.૫૦ મીટર
- સ્લોપઃ ૧:૩૦
- સર્વિસ રોડઃ બન્ને બાજુ ૬ મીટર તથા ફૂટપાથ બ્રિજ નીચે
- કુલ પિલરની સંખ્યાઃ ૨૬
- પ્રોજેક્ટ ખર્ચઃ રૂ.૪૦.૨૧ કરોડ
- બજેટ હેડઃ રાજ્ય સરકારની ગ્રાન્ટ (બ્રિજ ખર્ચ)

## પિતા બકુલેશ મહેતાને રાજકોટ મહાપાલિકાએ બ્લેકલિસ્ટ કર્યા છે

# ચિત્રા પબ્લિસિટીના પિતા-પુત્ર બ્લેકલિસ્ટ છતાં ટેન્ડરો ભર્યા !

- પુત્ર શૈશવને અમદાવાદ મહાપાલિકાએ બ્લેકલિસ્ટ કર્યો છે
- કરોડો બાકી છતાં કોન્ટ્રાક્ટ કોણ આપે છે આશીર્વાદ ?
- નિયમોને ગોળી રાજકોટ મહાપાલિકામાં ટેન્ડર કૌભાંડ ?

## આ એફિડેવિટ રજૂ કર્યું હતું


INDIA NON JUDICIAL
Government of Gujarat
Certificate of Stamp Duty



Declaration

27મે 2026ના દિવસે અમારી એજન્સી શૈશવ પબ્લિસીટી કું. વતી શૈશવ બકુલેશ મહેતાના કોઈપણ સરકારી સંસ્થા સાથે કોઈ વિવાદ ચાલુ નથી તેનું અમારું ડેકલેરેશન

## કાગળ પર સચ્ચાઈ હકિકતમાં છેતરપિંડી

## અમદાવાદ મહાપાલિકાએ શૈશવ પબ્લિસિટીને બ્લેકલીસ્ટ કરી છે


SPECIAL CIVIL APPLICATION


SPECIAL CIVIL APPLICATION

## શૈશવ હાઈકોર્ટમાં પણ ગયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતની નામાંકિત હોર્ડિંગ્સ એડ એજન્સી હવે ગંભીર વિવાદમાં આવી છે. સરકારને "ઊંધા ચશ્મા" પહેરાવતી આ એજન્સી સામે રાજકોટ મહાપાલિકામાં મોટું ગોટાળું બહાર આવ્યું છે. ચિત્રા એડ એજન્સી પાસે મહાપાલિકાના આશરે બે કરોડ રૂપિયા બાકી હોવાના કારણે બકુલ લેશ મહેતાને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા હતા પરંતુ આજદિન સુધી આ રકમ સરકારી તિજોરીમાં જમા થઈ નથી. ચોંકાવનારી વાત એ છે કે, ગયા વર્ષે રાજકોટ મહાપાલિકાએ તેના પુત્ર શૈશવ બકુલ લેશ મહેતાના નામે ટેન્ડર મંજૂર કરી દીધું! શૈશવે એફિડેવિટ આપી દાવો કર્યો કે તેમની કંપની બ્લેકલિસ્ટ નથી, પરંતુ હકીકતમાં અમદાવાદ મહાપાલિકાએ તેને પહેલાથી જ બ્લેકલિસ્ટ કરી રાખ્યો છે. નિયમ મુજબ, ગુજરાતમાં ક્યાંય પણ બ્લેકલિસ્ટ થયેલી એજન્સીનું ટેન્ડર મંજૂર થઈ શકતું નથી. તેમ છતાં, ખોટું એફિડેવિટ આપી સિસ્ટમને ગેરમાર્ગે દોરવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. હવે રાજકોટ મહાપાલિકા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી શકે છે. આટલા મોટા ખુલાસા છતાં, આ જ એજન્સીએ ફરી એકવાર શૈશવના નામે ટેન્ડર ભર્યું હોવાની માહિતી સામે આવી છે. સિટી ન્યૂઝ પાસે આ સમગ્ર મામલાના પુરાવા પણ હોવાનું જણાવાય છે. હવે મોટો સવાલ સરકાર સાથે છેતરપીંડી કરનાર સામે કડક કાર્યવાહી થશે કે ફરી એકવાર આંખ મીંચી લેવામાં આવશે?

**1** રાજકોટ મહાપાલિકાના ચિત્રાના હજુ ચાર હોર્ડિંગ્સ રાબેતા મુજબ અત્યારે ચાલુ છે

**2** રાજકોટ મહાપાલિકામાં 118 હોર્ડિંગ્સનું ટેન્ડર ખૂલવાનું છે તેમાં પણ શૈશવ મહેતાએ ખોટું સોગંદનામુ રજૂ કરેલ છે

**3** રાજકોટમાં ટેન્ડર મૂક્યું છે તે એજન્સી બ્લેકલિસ્ટ છે ત્યારે મહાપાલિકા ખોટું સોગંદનામુ મૂકવા બદલ પોલીસ ફરિયાદ કરી શકે

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

Velvet Circle

# IMMERSIVE YOGA



## યશ મોરડિયા
(ઈન્ટરનેશનલ યોગા ટીચર)

19 JUNE 2025

AN IMMERSIVE WELLNESS EXPERIENCE LIKE NEVER BEFORE

SARAZA • RAJKOT

**BOOKING CONTACT**

**9913419494**

**9998998980**

## શું તમે રોજિંદા સ્ટ્રેસથી થાકી ગયા છો?

- શું તમે શાંતિ, એકાગ્રતા અને તાજગી શોધી રહ્યા છો?
- હવે અજમાવો ઈમર્સિવ યોગ જ્યાં યોગ સાથે ટેકનોલોજીનો અદ્ભુત સંગમ!



## શું ખાસ છે?

- શાંતિદાયક સંગીત અને સાઉન્ડ થેરાપી
- સુગંધિત વાતાવરણ સાથે ડીપ રિલેક્સેશન
- નિષ્ણાત માર્ગદર્શન હેઠળ યોગાસન અને ધ્યાન


## ફાયદા

- તણાવમાંથી તરત રાહત
- ધ્યાન અને એકાગ્રતા વધે
- મન-શરીરનું મજબૂત જોડાણ
- યોગમાં નવી ઊર્જા અને ઉત્સાહ
- હવે તમારા શહેરમાં ઉપલબ્ધ!
- આજે જ જોડાઓ અને અનુભવો "અસલી શાંતિ"

## પર્યાવરણ સાથે ખેલ નહીં ચાલે; GPCB ને સ્પષ્ટ સૂચના

# દૂષિત પાણી છોડનારા ઉદ્યોગો સામે એક્શન મોડ

# કડક પગલાં લેવા કલેક્ટરનો આદેશ




### રાજકોટ જિલ્લામાં નદી-નાળા-જળાશયોમાં ગંદુ અને કેમિકલવાળું પાણી છોડતા ખાનગી એકમો સામે કલેક્ટરની લાલ આંખ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લામાં નદી-નાળા અને જળાશયોમાં દૂષિત પાણી છોડનાર ખાનગી એકમો સામે કડક કાર્યવાહી કરવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સૂચના આપી છે.ખાનગી એકમો દ્વારા દૂષિત પાણીનું શુદ્ધિકરણ કર્યા વગર જ કોઈ એકમો દ્વારા નદી નાળામાં છોડવામાં આવતું હોય તો ત્વરિત જીપીસીબીમાં ફરિયાદ કરવા અપીલ કરી છે. જોકે બીજી બાજુ રાજકોટ જિલ્લાના સ્વચ્છતા અભિયાન દરમિયાન અનેક નદી-નાળામાં દૂષિત પાણી ખાનગી એકમો દ્વારા છોડવામાં આવતી હોવાની સફાઈ કામદારોમાં ફરિયાદો ઊઠી હતી.

રાજકોટ જિલ્લામાં તા.૮થી ૧૪ જૂન દરમિયાન સ્વચ્છતા અભિયાન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં જળાશયો અને નદી-નાળાઓની સફાઈ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.રાજકોટ તાલુકાના ત્રંબા ગામે જળાશયો અને તળાવોની સફાઈ કરવામાં આવી હતી, વરસાદની પાણીના નિકાલ દરમિયાન નદી-નાળાની સફાઈ પણ સરપંચ, તલાટી કમ મંત્રી સમક્ષ સફાઈ કામદારોએ ખાનગી એકમો દ્વારા દૂષિત પાણી છોડવામાં આવતું હતું.




પડધરીના થોરિયાળી ગામે ઘોઘમ નદીમાં ગટરનું દૂષિત પાણી છોડાવામાં આવતું હોવા અંગે જાગૃત ગ્રામજન મુકેશભાઈ ઝાલા દ્વારા સરપંચ અને તલાટીમંત્રીને પ્રશ્ને પૂછાયો હતો.જો ગ્રામપંચાયત દ્વારા જ આવી પ્રવૃત્તિ થતી હોવાથી મૂકપ્રેક્ષક બની હતી. અત્યારે નદીના દૂષિત પાણી ભેંસો સહિતના પશુઓ પીવા મજબૂર બન્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.



# અંતે સિટી ન્યૂઝના સચોટ સમાચાર બાદ મનપા જાગ્યું: લાઈટો ચાલુ કરી...



વોર્ડ નં. 12 માં વાવડી ગામ ગેટથી પુનિતનગર 150 ફૂટ રિંગ રોડ સુધી લાઈટો નાંખી દેવા છતાંય અંધારૂં હતું







## રિબીન કાપવાની રાહમાં એક મહિનાથી અંધારૂ હતું લોકોનો અવાજ સિટી ન્યૂઝ બનતા અંતે તમામ લાઈટો ચાલુ

સિટી ન્યૂઝ@રાજકોટ

વોર્ડ નં. ૧૨ વિસ્તારમાં વાવડી ગામ ગેટથી પુનિતનગર ૧૫૦ ફૂટ રિંગ રોડ સુધી સ્ટ્રીટ લાઈટના થાંભલા અને લાઈટો લગાવી દેવામાં આવી હોવા છતાં છેલ્લા એક મહિનાથી માર્ગ અંધારામાં ગરકાવ રહ્યો હતો. સ્થાનિક નાગરિકો દ્વારા અનેક રજૂઆતો છતાં લાઈટો શરૂ કરવામાં ન આવતાં લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

આ મુદ્દે સિટી ન્યૂઝ દ્વારા સચોટ અહેવાલ પ્રસારિત કરવામાં આવતા તંત્ર હરકતમાં આવ્યું અને આખરે તમામ સ્ટ્રીટ લાઈટો કાર્યરત કરવામાં આવી હતી. જેના કારણે વિસ્તારના રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે.કેન્દ્ર સરકારના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને જનકલ્યાણના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજકોટના વોર્ડ નં. ૧૨ ખાતે પુનિતનગર ચોકથી વાવડી રોડ સુધી સ્થાપિત કરવામાં આવેલી સ્ટ્રીટ લાઈટ વ્યવસ્થાનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયર તથા ધારાસભ્ય ભાનુબેનના હસ્તે સ્વીચ ઓન કરીને લાઈટો શરૂ કરવામાં આવી હતી. સ્ટ્રીટ લાઈટ શરૂ થતાં વિસ્તારના નાગરિકોને વધુ સારી પ્રકાશ વ્યવસ્થા, સુરક્ષા અને રાત્રિના સમયે સરળ અવરજવરની સુવિધા ઉપલબ્ધ બની છે.

કાર્યક્રમ દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ શહેરના સર્વાંગી વિકાસ માટે જનહિતના કાર્યોને વધુ વેગ આપવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સ્થાનિક નાગરિકોમાં એવી પણ ચર્ચા છે કે લાઈટો અગાઉથી તૈયાર હોવા છતાં માત્ર લોકાર્પણની રાહમાં એક મહિનાથી બંધ રાખવામાં આવી હતી. જોકે હવે માર્ગ પ્રકાશિત થતાં લોકોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.


JUNE
20th
Saturday, 9.30 pm
Hemu Gadhavi Hall
Rajkot
AEZAL ENTERTAINMENT
THE
JAMIE
LEVER
SHOW
bookmyshow
Unlimited
FUN...
Unlimited
COMEDY...
Jamie Lever
STAND-UP COMEDY
A COMPLETE FAMILY ENTERTAINER
MEDIA PARTNERS
સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

કરેલવે કનેક્ટિવિટી પર ભાર : લાંબા અંતરની ટ્રેનો અને મુસાફરોની સુવિધાઓ માટે ચર્ચા

# રાજકોટથી હરિદ્વારની કાયમી ટ્રેન માટે સાંસદની રજૂઆત

## રાજકોટમાં આજે રેલવે ડિવિઝનની મહત્વપૂર્ણ ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ








## મોટાભાગના સાંસદોએ સૌરાષ્ટ્રમાં રેલવે કનેક્ટિવિટીના પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત કરી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ ખાતે ભાવનગર અને રાજકોટ રેલવે ડિવિઝનની એક અત્યંત મહત્વપૂર્ણ અને ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પશ્ચિમ ઝોનના રેલવેના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં સૌરાષ્ટ્ર વિસ્તારના વિવિધ રેલવે પ્રશ્નો, લાંબા અંતરની નવી ટ્રેનો શરૂ કરવા, તેમજ મુસાફરોની સુવિધાઓમાં વધારો કરવા અંગે વિગતવાર અને ગંભીર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠક મુખ્યત્વે સૌરાષ્ટ્રના સંસદીય વિસ્તારોના લોકપ્રશ્નોને વાચા આપવા માટે યોજાઈ હતી, જેમાં રાજકોટ, જૂનાગઢ અને જામનગર સહિતના વિસ્તારોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ તકે રાજકોટથી હરિદ્વારની કાયમી ટ્રેનની માંગ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

આ મહત્વની બેઠકમાં રાજકોટ અને જૂનાગઢ સંસદીય મતવિસ્તારના સાંસદો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રેલવે પ્રશાસન સમક્ષ સ્થાનિક જનતાની પડતર માંગણીઓનો ચિતાર રજૂ કર્યો હતો. બેઠકમાં સાંસદ પરસોતમ રૂપાલા, રાજેશ ચુડાસમા, કેસરીદેવસિંહ ઝાલા તેમજ રામભાઈ મોકરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ જનપ્રતિનિધિઓએ એકસૂરે સૌરાષ્ટ્રના રેલવે કનેક્ટિવિટીના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવા માટે રેલવેના પશ્ચિમ ઝોનના વડા અને અન્ય ઉચ્ચ અધિકારી સમક્ષ ભારપૂર્વક રજૂઆતો કરી હતી. સૌરાષ્ટ્રના સર્વાંગી વિકાસ અને યાત્રાળુઓની સુવિધા માટે બેઠક આગામી દિવસોમાં ખૂબ જ નિર્ણાયક સાબિત થઈ શકે તેમ છે.

સૌરાષ્ટ્રના પ્રશ્નો મામલે યોજાયેલી આ બેઠક સંદર્ભે સાંસદ પરસોતમ રૂપાલાએ જણાવ્યું હતું કે, રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ઉત્તર ભારત અને ખાસ કરીને ધાર્મિક સ્થળ હરિદ્વાર જવા માટે દર વર્ષે લાખો મુસાફરો મુસાફરી કરતા હોય છે. રાજકોટથી હરિદ્વાર જવા માટે એક કાયમી ટ્રેન ફાળવવામાં આવે તેવી સ્થાનિક જનતા અને ધાર્મિક સંગઠનો દ્વારા વર્ષોથી ખૂબ જ મોટી માંગણી કરવામાં આવી રહી છે. આ કાયમી ટ્રેનની વર્ષો જૂની માંગ અંગે આ બેઠકમાં ખૂબ જ વિસ્તૃત અને ગંભીરતાપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક પૂર્ણ થયા બાદ સાંસદ પરસોતમ રૂપાલાએ રેલવેની કામગીરી અને પ્રક્રિયા અંગે ખુલ્લા મને વાત કરી હતી. રૂપાલાએ સ્વીકાર્યું હતું કે રેલવે તંત્રના પ્રશ્નો ખૂબ જ જટિલ અને ટેકનિકલ પ્રક્રિયાઓથી ભરેલા હોય છે, કારણ કે તેમાં ટ્રેક ક્ષમતા, ટાઈમ ટેબલનું મેનેજમેન્ટ, સ્લોટની ઉપલબ્ધતા અને સુરક્ષા જેવા અનેક પાસાઓ સંકળાયેલા હોય છે. કોઈપણ નવી ટ્રેન શરૂ કરવી કે રૂટ લંબાવવો એ રાતોરાત શક્ય બનતું નથી અને તેમાં લાંબી વહીવટી પ્રક્રિયાઓ થતી હોય છે. જોકે પ્રક્રિયા ભલે જટિલ હોય પરંતુ જનતાના આ મહત્વના પ્રશ્નોનું નિરાકરણ જલ્દીથી અને સમયસર થઈ જાય તે જ અમારી અને સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

ઉલ્લેખનીય છે કે, રૂપાલાએ દાવો કર્યો છે કે, જનતાના પ્રતિનિધિ તરીકે અમે તો રેલવે બોર્ડ અને કેન્દ્રીય રેલવે મંત્રાલય સુધી આ તમામ મુદ્દાઓ પર સતત ફોલોઅપ લેતા રહીશું. જોકે હાલનાં તબક્કે તો રેલવેના ઉચ્ચ અધિકારી અને લોકપ્રતિનિધિઓ વચ્ચે આ મહત્વની બેઠક યોજાઈ ગઈ છે. અને તમામ પ્રશ્નો કાગળ પર રજૂ કરાયા છે. પરંતુ હવે ખરેખર સાચા અર્થમાં સૌરાષ્ટ્રની જનતાની આ ટ્રેનો માટેની વર્ષો જૂની માંગણીઓ ક્યારે સંતોષાશે અને ક્યારે આ ટ્રેનો પાટા પર દોડતી થશે? એ તો આવનારો સમય જ બતાવશે.

### અમદાવાદ સુધીની ૬ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવાની રજૂઆત

આજની બેઠકમાં માત્ર નવી ટ્રેનો જ નહીં, પરંતુ હાલમાં કાર્યરત ટ્રેનોના રૂટ લંબાવવા અંગે પણ ખૂબ જ મહત્વના નિર્ણયો અને રજૂઆતો કરવામાં આવી હતી. બેઠકમાં સાંસદો દ્વારા રેલવે પ્રશાસન સમક્ષ સત્તાવાર રીતે એવી માંગણી કરાઈ છે કે, દેશના અન્ય રાજ્યો અને શહેરોમાંથી હાલમાં વાયા અમદાવાદ થઈને માત્ર અમદાવાદ સુધી જ આવતી હોય તેવી મહત્વની ૬ જેટલી ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવે. જો આ ૬ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવાની મંજૂરી રેલવે બોર્ડ દ્વારા આપવામાં આવે, તો સૌરાષ્ટ્રના કેન્દ્ર સમાન રાજકોટ શહેરને દેશના અન્ય ભાગો સાથે સીધી કનેક્ટિવિટી મળી જશે.

## આદર નહીં અહંકાર ! રાજકોટ ભાજપ પર ઉઠ્યા પ્રશ્નો

# ભાજપને મજબૂત કરનાર સ્વ.રૂપાણીને રાજકોટ ભાજપ ભૂલ્યું !

## સંસ્થાઓ-સંગઠનોએ કાર્યક્રમો યોજી શ્રધ્ધાંજલિ પાઠવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના પૂર્વ ધારાસભ્ય, પૂર્વ મુખ્ય મંત્રી અને રાજકોટને ક્ષમતા કરતાં અનેક મોટી યોજનાઓ આપનાર વિજયભાઈ રૂપાણીનું અમદાવાદ ખાતે વિમાન દુર્ઘટનામાં દુઃખદ અવસાન થયાને આજે એક વર્ષ પુરૂ થયું છે ત્યારે રાજકોટ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતની જનતા તથા ભાજપના લાખો કાર્યકરો આજે ભીની આંખે તેમના સંસ્મરણો વાગોળી રહ્યાં છે પરંતુ સૌથી આઘાત અને દુઃખદ બાબત એ છે કે, રાજકોટ શહેર ભાજપ દ્વારા સ્વ.વિજયભઈ રૂપાણીની યાદમાં આજે એક પણ કાર્યક્રમનું આયોજન કરાયું નથી. શહેર ભાજપના ગણ્યા ગાંઠ્યા લોકોએ પ્રેસનોટ મોકલી મગરના આંસુ સાર્યા છે પરંતુ પુષ્પાંજલી જેવો સામાન્ય કાર્યક્રમ પણ યોજવાની તસદી લીધી નથી.શહેરના કેટલાક સંગઠનો અને સંસ્થાઓએ સ્વેચ્છાએ સ્વ.વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલી અર્પતા કાર્યક્રમો યોજયા છે પરંતુ જેની જવાબદારી છે તેવા શહેર ભાજપના હોદ્દેદારો, પ્રવકતાઓ તથા પેપરજીવી નેતાઓ નફટાઈપૂર્વક જવાબદારીથી ભાગ્યા છે અને શ્રધ્ધાંજલીના બે શબ્દો ઉચ્ચારવામાંથી પણ ગયા છે.જે તે કોઈ ઓળખાતુ ન હોય તેવા દિવંગતોને શ્રધ્ધાંજલી પાઠવવા ઠેકી પડતા ભાજપના નેતાઓએ સ્વ.વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલી આપવામાં પીછેહઠ કરી ભાજપની વર્તમાન સંસ્કૃતિને ઉજાગર કરી દીધી છે. આ નઠારા નેતાઓ સત્તા અને તોતીંગ બહુમતી હજમ કરી શકયા નથી અને



સતાના મદમાં છકી જુથવાદના વરવા દર્શન કરાવ્યાની છાપ ઉપસી છે. સૌથી આઘાતજનક વાત તો એ છે કે, સ્વ.વિજયભાઈની આંગળી પકડીને નેતા બનેલા કાર્યકરોની રાજકોટમાં મોટી ફોજ છે. આજના હોદ્દેદારો-પદાધિકારીઓ પણ વિજયભાઈની જ દેન છે. આ સિવાય વિજયભાઈના સતાના વૈભવનો લાભ લઈને પંખા વગરની સાઈકલમાં ફરતાં અનેક કાર્યકરો આજે નેતા બની લકઝરી મોટરકારોમાં ફરતા થઈ ગયા છે. પરતુ આ નેતાની પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલીના બે શબ્દો બોલવામાંથી પણ આવા કાર્યકરોને 'શરમ' નડી છે. પારિવારીક ભાવના ધરાવતી પાર્ટીમાં આ ઘટનાથી અલગ જ 'કલ્ચર' લોકો નિહાળી રહ્યાં છે.

સ્વ.વિજયભાઈએ રાજકોટના મેયરથી માંડી મુખ્યમંત્રી પદ સુધીની રાજકીય સફર દરમિયાન રાજકોટને ઘણુ આપ્યું છે. તેમના મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન રાજકોટને ઈન્ટરનેશનલ એરપોર્ટ, એઈમ્સ, કધટીનર ડેપો, સ્માર્ટસિટી, રાજકોટ-અમદાવાદ સિકસલેન હાઈવે, સૌરાષ્ટ્રની સૌથી મોટી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ સહિત અનેક મોટા પ્રોજેકટ મળ્યા છે જે બાબતનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. સ્વ.વિજયભાઈ મુખ્યમંત્રી હતાં ત્યારે ગાંધીનગરમાં રાજકોટના નેતાઓનો દબદબો હતો અને સચિવાલયમાં ગ્રીન ચેનલમાં એન્ટ્રી મળતી હતી. રાજકોટના સામાન્ય કાર્યકરો પણ સચિવાલયમાં પગ પછાડતા હતાં પરંતુ આજે સ્વ.વિજયભાઈને શ્રધ્ધાંજલી આપવામાં મોં છુપાવી રહ્યાં છે. ઘણા નેતાઓ તો તેનું જ ખાઈને ખોદી રહ્યાં હોય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે. એક સમયે વિજયભાઈના વફાદારોમાં જેની ગણના થતી હતી તેવા અનેક નેતાઓ આજે શ્રધ્ધાંજલી આપતા 'ડરી' રહ્યાં છે. જો કે, લોકો બધુ જોઈ અને સમજી રહ્યાં છે.સૌથી આંચકાજનક વલણ શહેર ભાજપનું અને મહાનગરપાલિકાના સતાધિશોનું છે. રાજકોટમાં ભાજપને વટવૃક્ષ બનાવવામાં લોહી પરસેવો એક કરનાર નેતાને પુષ્પાંજલીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો નથી. આજ રીતે સ્વ.વિજયભાઈ રૂપાણી રાજકોટના મેયર પણ રહી ચુકયા છે તે દ્રષ્ટિએ કોર્પોરેશનના સત્તાધીશોએ પણ કમસેકમ પુષ્પાંજલીનો કાર્યક્રમ રાખવો જોઈ તો હતો પરંતુ કોર્પોરેશનના શાસકો પણ તેની ફરજ ચુકયા છે. હિંદુ સંસ્કૃતિની 'સમય સમય બલવાન, નહીં મનુષ્ય બલવાન' વાળી કહેવત આજે યાદ આવી જાય છે. જે નેતાએ પોતાના જીવન પર્યંત રાજકોટની સેવા કરી અને રાજકોટ શહેરના વિકાસ માટે ઘણુ બધુ કર્યું છે અને પોતાની કાર્યશૈલીના બળે મુખ્યમંત્રી પદ સુધી પહોંચ્યા હતાં તેને શ્રધ્ધાંજલી અર્પવામાં પણ નફફટ નેતાઓને 'શરમ' આવી રહી છે. ભાજપના આ નવા 'કલ્ચર' થી રાજકોટનું ભાવી કેવું હશે તેનો ડરામણો સંદેશો પણ આ ઘટનાક્રમ પરથી આવી જાય છે.




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતીય ગ્રાહકોની પસંદગી બદલાઈ રહી છે. એક તરફ લોકો ચોકલેટ, કોફી અને ઈન્સ્ટન્ટ ફૂડ પર વધુ ખર્ચ કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ કિંમત વધવાને કારણે સિગારેટનો વપરાશ ઘટાડી રહ્યા છે. ગ્રામીણ બજારોમાં ઓછી કિંમતના કારણે કેમ્પા ઝડપથી સ્થાન બનાવી રહી છે, જ્યારે પ્રીમિયમ બજારોમાં કોક અને પેપ્સીની પકડ જળવાઈ રહી છે. સિસ્ટમેટિક્સ રિસર્ચના ચેનલ ચેક રિપોર્ટ અનુસાર આ વર્ષે કિંમત, સુવિધા અને વેલ્યુ ફોર મની ખરીદીના સૌથી મોટા આધાર બની રહ્યા છે.

## » 10 રૂપિયાના બજારમાં કેમ્પાની પકડ મજબૂત

» ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ૧૦ રૂપિયાવાળા કોલ્ડ ડ્રિંક સેગમેન્ટ પર કેમ્પાનો દબદબો વધી રહ્યો છે. આ બ્રાન્ડની માગ વાર્ષિક ૪૦-૫૦% વધી રહી છે. તેનો બજાર હિસ્સો ૬-૭% સુધી પહોંચી ગયો છે.

## » પ્રીમિયમ માર્કેટમાં કોક–પેપ્સીની ડિમાન્ડ

» કોકા-કોલા અને પેપ્સીના કાર્બોનેટેડ ડ્રિંક્સની માગ વાર્ષિક ૧૦-૨૦%ના દરે વધી રહી છે. પ્રીમિયમ માર્કેટમાં વિતરકોને આ વર્ષે કેમ્પાની મોટી અસર અનુભવાઈ રહી નથી.

## » મેગીની ડિમાન્ડ તેજ, વેચાણ 20% સુધી વધ્યું

» દેશમાં નૂડલ બ્રાન્ડ મેગીની ડિમાન્ડ વધી રહી છે. ઉત્તર ભારતમાં તેનું વેચાણ ૧૫-૨૦% વધી રહ્યું છે. પરંપરાગત મસાલા ફ્લેવર સાથે અન્ય વેરિઅન્ટ વેચાણ વધારવામાં મદદરૂપ સાબિત થઈ રહ્યા છે.

## » ચોકલેટ પર ખર્ચ વધવાના સ્પષ્ટ સંકેતો

» ઉત્તર ભારતમાં ચોકલેટનું વેચાણ આ વર્ષે ૩૫-૪૦% સુધી વધી રહ્યું છે. પશ્ચિમ અને પૂર્વીય પ્રદેશોમાં પણ ચોકલેટની માગ બે આંકડામાં (૧૦% થી વધુ) વધી રહી છે. રિપોર્ટ અનુસાર, ઘણા બજારોમાં ચા કરતાં વધુ ચોકલેટ વેચાઈ રહી છે.

## » ચાની જગ્યાએ કોફી નવી પસંદ બની

» ઉત્તરી અને પૂર્વી ભારતમાં કોફીનું વેચાણ વાર્ષિક ૧૫-૨૦% અને પશ્ચિમ ભારતમાં ૭-૮% ના દરે વધી રહ્યું છે. આ ગ્રાહકોના ચામાંથી કોફી તરફ શિફ્ટ થવાનો સંકેત છે.

## » સિગારેટના ભાવ વધ્યા તો વપરાશ ઘટયો

» ફેબ્રુઆરી-માર્ચમાં ભાવ ૨૫-૩૫% વધ્યા પછી સિગારેટની માગ ૫-૬% ઘટી ગઈ છે. લોકો પૈસા બચાવવા માટે હવે ઓછી સિગારેટ પીવા લાગ્યા છે. આવી સ્થિતિમાં, કંપનીઓ કિંમત ઓછી રાખવા માટે ઓછી લંબાઈવાળી સિગારેટ લાવી રહી છે.

## » નકલી સિગારેટનો કારોબાર 25% સુધી પહોંચ્યો

» રિપોર્ટ અનુસાર, દેશમાં ગેરકાયદેસર અને નકલી સિગારેટનું બજાર ૨૦-૨૫% સુધી પહોંચી ગયું છે. ભાવમાં ઝડપી વધારો થવાથી આ બિઝનેસને વધારાની વૃદ્ધિ મળી રહી છે.



# રાજકોટમાં હિંગળાજનગરમાં ડિમોલિશનની તૈયારીઃ નોટિસો અપાતા લોકોમાં રોષ



## 70 ઝુપડા હટાવી કરોડોની જમીન ખુલ્લી કરાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વધુ એક ડિમોલિશનની તૈયારી શરૂ કરવામાં આવી છે. વેસ્ટ ઝોનનાં અમીન માર્ગ પર સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ નજીક નવર્મિત ક્વીન્સ ટાવર પાસેનાં હિંગળાજનગરમાં લાંબા સમયથી ખડકાયેલા ૭૦ જેટલાં ઝુપડા ખાલી કરવા મહાપાલિકાએ નોટિસ આપી છે. તેમજ વિજીલન્સ વિભાગને સાથે રાખીને આ પ્લોટનું ડિમાર્કેશન પણ કરવામાં આવ્યું છે. જોકે અહીં રહેતા લોકો ૫૦ વર્ષ કરતા વધુ સમયથી વસવાટ કરતા હોવાથી તેમને ૧૫ દિવસમાં ખાલી કરવાની નોટિસ અપાતા ભારે રોષ જોવા મળ્યો છે. ચોમાસા બાદ આ કાર્યવાહી કરાય અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી માગ આ વિસ્તારના લોકો કરી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમીન માર્ગ પર સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ નજીક આવેલો આ પ્લોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા હસ્તકનો છે. આ ટીપી પ્લોટમાં દાયકાઓ જૂની ઝૂંપડપટ્ટી આવેલી છે, જેને ખાલી કરાવવા મનપાએ અગાઉ પણ વહીવટી પ્રક્રિયા હાથ ધરી હતી, પરંતુ મામલો અદાલતમાં જતાં કામગીરી અટકી પડી હતી. તાજેતરમાં જ આ કાનૂની વિવાદનો ચુકાદો મહાનગરપાલિકાની તરફેણમાં આવતાં હવે તંત્ર માટે દબાણો દૂર કરવાનો માર્ગ મોકળો બન્યો છે. આ જમીન પર પીપીપી ધોરણે આવાસ યોજના આકાર લેનાર છે, જેમાં મનપા દ્વારા ૨૦ ટકા જગ્યા ફાળવવામાં આવશે. વેસ્ટ ઝોનના એટીપી ભાર્ગવ બારેવાડિયા દ્વારા સ્થાનિકોને કલમ ૨૬૦-૨ હેઠળ સ્વેચ્છાએ જગ્યા ખાલી કરવા ૧૫ દિવસની આખરી ચેતવણી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, એકતરફ ચોમાસુ માથા ઉપર છે તો બીજીતરફ મનપા દ્વારા છેલ્લા ૫૦ કરતા વધારે વર્ષોથી કાચા-પાકા મકાનોમાં હિંગળાજનગરમાં વસવાટ કરતા ૭૦ આસામીઓને તેમના મકાનો ખાલી કરવાની નોટિસો આપવામાં આવી છે. સ્થાનિકો જણાવી રહ્યા છે કે, તેઓ ૩-૩ પેઢીથી અહીં વસવાટ કરે છે અને નિયમ અનુસાર વેરાઓ પણ ભરી રહ્યા છે. છતાં ચોમાસાનાં આ સમયમાં તેમને મકાનો ખાલી કરવાની નોટિસ આપવામાં આવી છે. જેને લઈને હવે ક્યાં જવું અને શું કરવું તે સમજાતું નથી. ત્યારે તંત્ર દ્વારા ડિમોલિશન કરતા પહેલા કોઈપણ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે. ત્યારે હવે તંત્ર દ્વારા આગામી સમયમાં ક્યારે અને શું પગલાં લેવાશે તે જોવું રહ્યું.

## તંત્રી લેખ



### સેવા, સંકલ્પ અને સ્મૃતિઓમાં જીવંત એક વ્યક્તિત્વ

# વિજય રૂપાણીના સપનાઓને મળી રહી છે નવી દિશા

## વિજય રૂપાણી; યાદોમાં નહીં લોકોના દિલમાં આજે પણ જીવંત!

એક વર્ષ સમયની દ્રષ્ટિએ કદાચ લાંબો લાગે, પરંતુ કેટલીક યાદો એવી હોય છે જે સમય સાથે ફીકી પડતી નથી એ વધુ જીવંત બનતી જાય છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું અવસાન એવો જ એક ક્ષણ હતો, જે માત્ર રાજકીય ક્ષેત્ર માટે નહીં પરંતુ માનવતા માટે પણ મોટી ખોટ બની રહી.

વિજયભાઈ માત્ર સત્તાના શિખરે પહોંચેલા નેતા નહોતા. તેઓ સેવા, સાદગી અને સંવેદનાના પ્રતિબિંબ હતા. ખાસ કરીને રાજકોટ સાથેનો તેમનો લાગણીસભર સંબંધ તેમને સામાન્ય લોકોના હૃદયમાં એક પરિવારજન તરીકે સ્થાન અપાવતો હતો. આજે એક વર્ષ બાદ પણ રાજકોટની ગલીઓમાં, લોકોની વાતોમાં અને અનેક પરિવારોના આશીર્વાદમાં તેમનું નામ સંભળાય છે.



● તંત્રી ●

**અનિરુદ્ધ નકુમ**

તેમનો સૌથી મોટો વારસો કોઈ પદ કે સત્તા નહીં, પરંતુ એક વિચાર છે ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ દ્વારા આગળ વધારવાનો. પુનિત રૂપાણી ટ્રસ્ટ દ્વારા અનેક બાળકોને ભણવાની તક મળી, અને એ સપનું માત્ર વ્યક્તિગત નહીં પરંતુ સામાજિક પરિવર્તનનું સ્વપ્ન હતું. એક એવો વિચાર, જે અનેક જીવનમાં પ્રકાશ પાથરે છે.

રાજકોટના વિકાસમાં તેમનું યોગદાન પણ અનન્ય રહ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને આરોગ્ય અને શિક્ષણ સુધીના ક્ષેત્રોમાં તેમણે જે કામ કર્યું, તે શહેરના વિકાસમાં માઈલસ્ટોન સમાન છે. પરંતુ કદાચ સૌથી મોટું કામ હતું. લોકોમાં વિશ્વાસ જગાવવો કે નેતૃત્વ માત્ર શાસન માટે નહીં, સેવા માટે પણ હોય છે.

આજે જ્યારે તેમના પરિવારજનો અંજલીબેન અને પુત્ર ઋષભ તેમના અધૂરા સપનાઓને પૂર્ણ કરવાનો સંકલ્પ વ્યક્ત કરે છે, ત્યારે એ માત્ર એક પરિવારનો નિશ્ચય નથી, પરંતુ સમાજ માટે એક પ્રેરણા છે. આવનારા દિવસોમાં યોજાનારા મેડિકલ કેમ્પ જેવા પ્રયાસો એ દર્શાવે છે કે સેવા ક્યારેય અટકતી નથી; તે એકથી બીજા હાથમાં આગળ વધતી રહે છે.

વિજય રૂપાણી આજે આપણી વચ્ચે ભલે ન હોય, પરંતુ તેમની વિચારધારા, તેમના મૂલ્યો અને તેમની કરુણા હંમેશાં જીવંત રહેશે. સચ્ચા અર્થમાં વ્યક્તિનું અસ્તિત્વ તેની હાજરીમાં નહીં, પરંતુ તેના કાર્ય અને પ્રભાવમાં હોય છે અને આ દૃષ્ટિએ વિજયભાઈ આજે પણ આપણા વચ્ચે જ છે.

આ સંપાદકીય માત્ર એક શ્રદ્ધાંજલિ નથી, પરંતુ એક યાદ અપાવે છે કે સાચી સેવા ક્યારેય મરતી નથી.

# અમદાવાદ પ્લેન ક્રેશની 10 પરિવારોની કરૂણ કહાનીઓ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

૧૨ જૂન, ૨૦૨૫ના રોજ અમદાવાદ એરપોર્ટ પરથી લંડન જવા માટે ઉડાન ભરેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-૧૭૧ ટેકઓફના ગણતરીના મિનિટોમાં જ દુર્ઘટનાગ્રસ્ત બની હતી. આ અકસ્માતે માત્ર ૨૪૧ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સનો જ નહીં, પરંતુ જમીન પર રહેલા અનેક નિર્દોષ લોકોનો પણ જીવ લીધો હતો.



### સીમંતની ખુશીઓ માતમમાં ફેરવાઈ

ધોળકાના કેલિયા વાસણા ગામના વૈભવ પટેલ અને જીનલ પટેલ પ્રેમલગ્ન બાદ લંડનમાં વસતા હતા. જીનલ સાત મહિનાની ગર્ભવતી હોવાથી દંપતી ખાસ સીમંતની વિધિ માટે વતન આવ્યું હતું. ૫ જૂને પરિવારજનોની હાજરીમાં સીમંતની ખુશીઓ ઉજવાઈ હતી. કોઈએ કલ્પના પણ નહોતી કરી કે થોડા જ દિવસોમાં આ ખુશીઓ કાયમ માટે ખોવાઈ જશે.

### ચાર મહિનામાં જ લગ્નજીવન પૂર્ણ થયું

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના થરાવ ગામના કમલેશ ચૌધરી અને ધાપુબેન ચૌધરીના લગ્નને હજુ ચાર મહિના પણ પૂરા થયા નહોતા. જીવનના નવા સપનાઓ સાથે બંને લંડન જઈ રહ્યા હતા. પરંતુ વિમાન દુર્ઘટનાએ તેમના સંબંધને એટલી ઝડપથી સમાપ્ત કરી દીધો કે પરિવારજનો આજે પણ એ હકીકત સ્વીકારી શકતા નથી.

### એકમાત્ર દીકરો અને પુત્રવધૂ એકસાથે છીનવાઈ ગયા

ગાંધીનગરના ગૌરવ બ્રહ્મભટ્ટ અને તેમની પત્ની કલ્યાણી બ્રહ્મભટ્ટ પોતાના બે સંતાનોને પાછળ છોડીને લંડન જઈ રહ્યા હતા. બંને બાળકો હજુ અભ્યાસ કરી રહ્યા છે. ગૌરવ તેમના માતા-પિતાનો એકમાત્ર પુત્ર હતો. દુર્ઘટનાએ એક જ ક્ષણમાં વૃદ્ધ માતા-પિતાનો સહારો છીનવી લીધો અને બે સંતાનોને અનાથ સમાન સ્થિતિમાં મૂકી દીધા.

### અંતિમવિધિ માટે આવેલા દીકરાની માતા સાથે જ કાયમ માટે વિદાય થઈ ગઈ

ઊંઝાના ઐઠોર ગામના કેતન પટેલ પોતાના પિતાના અવસાન બાદ અંતિમવિધિ માટે લંડનથી ભારત આવ્યા હતા. તમામ ધાર્મિક વિધિઓ પૂર્ણ કરીને તેઓ પોતાની માતા સવિતાબેન સાથે પરત ફરી રહ્યા હતા. કોઈએ વિચાર્યું નહોતું કે પિતાના વિયોગનું દુખ સહન કરતો આ પરિવાર થોડા દિવસોમાં વધુ એક આઘાતનો સામનો કરશે.

### ફિયાન્સી સાથે જ અંતિમ શ્વાસ લીધા

ગઢડાના અડતાળા ગામના હાર્દિક અવૈયા છેલ્લા બે વર્ષથી લંડનમાં નોકરી કરતા હતા. થોડા સમય પહેલાં જ તેમની વિભૂતિ સાથે સગાઈ થઈ હતી. બંને ભવિષ્યના સપનાઓ લઈને પરિવારને મળવા ભારત આવ્યા હતા. સગાઈની ખુશીઓ હજુ તાજી હતી અને લગ્નની તૈયારીઓની ચર્ચાઓ ચાલી રહી હતી. પરંતુ વિમાન દુર્ઘટનાએ બંનેને એવી વિદાય આપી કે હવે માત્ર તેમની સગાઈની યાદો જ પરિવાર પાસે બચી છે.

### દિકરીને મળવા જતાં માતા-પિતાની પ્રથમ સફર જ અધૂરી રહી ગઈ

ખંભાતના હેમંતભાઈ પંડ્યા અને નેહાબેન પંડ્યા પહેલીવાર લંડન જવા નીકળ્યા હતા. દીકરીએ બને માતા-પિતાને પોતાના ઘરે બોલાવ્યા હતા અને પરિવાર લાંબા સમય પછી મળવાનો હતો. વર્ષોથી દીકરીને મળવાની રાહ જોતા માતા-પિતા માટે આ પ્રવાસ ખાસ હતો. પરંતુ વિમાન દુર્ઘટનાએ આ મુલાકાત ક્યારેય શક્ય ન બનવા દેતા પ્રથમ સફર જ અધૂરી રહી ગઈ હતી.

### અઢી વર્ષની દીકરી સાથે નીકળેલી માતા ઘરે પરત ફરી નહીં

વડોદરાની સદિકાબાનુ શેઠવાલા પોતાના દિયરના નિકાહમાં હાજરી આપવા ભારત આવી હતી. તમામ પરિવારજનો સાથે ખુશીઓ ઉજવીને તે પોતાની અઢી વર્ષની દીકરી ફાતિમા સાથે લંડન પરત જઈ રહી હતી. એરપોર્ટ સુધી પરિવારજનો તેમને મૂકવા આવ્યા હતા.

### દીકરીને ઘરે મૂકીને લંડન જતી માતા ક્યારેય પહોંચી નહીં

વડોદરાની નેન્સી પટેલ થોડા દિવસ પહેલાં જ પોતાની અઢી વર્ષની દીકરીના ધાર્મિક પ્રસંગ માટે ભારત આવી હતી. દીકરીને પરિવાર પાસે મૂકીને તે એકલી જ લંડન પરત જઈ રહી હતી. પરિવારને લાગતું હતું કે થોડા દિવસોમાં ફરી મળવાનું થશે. પરંતુ દુર્ઘટનાએ માતા અને દીકરી વચ્ચેનું અંતર કાયમ માટે વધારી દીધું.

### પત્નીના અવસાનનું દુખ સહન ન થયું ત્યાં જ પોતે પણ ચાલ્યા ગયા

સુરતના અર્જૂન પટોળિયાએ થોડા જ દિવસ પહેલાં પોતાની પત્ની ભારતીને કેન્સરના કારણે ગુમાવી હતી. પત્નીની અંતિમવિધિ બાદની ધાર્મિક વિધિઓ માટે તેઓ ખાસ ભારત આવ્યા હતા. જીવનસાથીના વિયોગમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહેલા અર્જૂન લંડન પરત ફરી રહ્યા હતા.

### માતા-પિતાને સરપ્રાઈઝ આપવા આવેલા દીકરા-વહુ અને પૌત્રીનું મૃત્યુ

સુરતના અકીલ નાનાબાવા, તેમની પત્ની હાના અને નાની દીકરી સારા બકરી ઈદ નિમિત્તે માતા-પિતાને સરપ્રાઈઝ આપવા ભારત આવ્યા હતા. પરિવાર સાથે ખુશીઓના દિવસો વિતાવ્યા બાદ તેઓ લંડન પરત ફરી રહ્યા હતા. પરંતુ આ સફર તેમની અંતિમ સફર બની ગઈ. માતા-પિતાને મળવા આવેલા દીકરા, વહુ અને પૌત્રીને હવે માત્ર યાદોમાં જ જોઈ શકાય છે.

### એક દુર્ઘટના, સેંકડો અધૂરા સપનાઓ

આ તમામ કહાનીઓ માત્ર આંકડા નથી. દરેક નામ પાછળ એક પરિવાર, એક સપનું, એક ભવિષ્ય અને અસંખ્ય લાગણીઓ જોડાયેલી હતી. કોઈના લગ્નજીવનની શરૂઆત હતી, કોઈ માતા બનવાની રાહ જોઈ રહ્યું હતું, કોઈ પોતાના માતા-પિતાને મળવા જઈ રહ્યું હતું, તો કોઈ જીવનના દુખમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

# સાવધાન; વાયરલ ફરીથી દરવાજા પર !

## કેરલમાં નિપાહ વાયરસની એન્ટ્રી; 77 ક્વોરન્ટાઈન



**સિટી ન્યૂઝ@કેરલમ**

કેરલમના કોઝીકોડ જિલ્લામાં જીવલેણ નિપાહ વાઈરસનો એક નવો કેસ સામે આવતાં સમગ્ર રાજ્યનું આરોગ્યતંત્ર હરકતમાં આવી ગયું છે. કોઝીકોડના જિલ્લા-કલેક્ટર એમ. એસ. માધવીકુટ્ટીએ ગુરુવારે સત્તાવાર પુષ્ટિ કરી છે કે રામનત્તુકરાની ૪૩ વર્ષની એક વ્યક્તિમાં નિપાહ વાઈરસનાં લક્ષણો પૉઝિટિવ આવ્યાં છે. હાલ આ દરદી કોઝીકોડ મેડિકલ કૉલેજ હૉસ્પિટલના ICUમાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.


આ જીવલેણ ચેપને આગળ ફેલાતો અટકાવવા માટે સ્થાનિક પ્રશાસને યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દીધી છે. સંક્રમિત દરદીના સંપર્કમાં આવેલા ૭૭ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. તમામને ક્વૉરન્ટીન કરી દેવાયા છે. એમાં ૫૮ હેલ્થકૅર વર્કર્સ, પરિવારના ૧૪ સભ્યો, પાંચ મિત્રો અને સહકર્મીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત આ ૭૭ સંપર્કોમાંથી બે વ્યક્તિને હાઈએસ્ટ રિસ્ક અને ૧૩ને હાઈ-રિસ્ક કૅટેગરીમાં મૂકીને તાત્કાલિક ચુસ્ત ક્વૉરન્ટીન હેઠળ રાખવામાં આવ્યા છે, જ્યારે બાકીના ૬૨ લોકોને લો-રિસ્ક કૅટેગરીમાં રાખીને મૉનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. સદ્નસીબે હજી સુધી સંપર્કમાં આવેલી કોઈ પણ વ્યક્તિમાં વાઈરસનાં લક્ષણો દેખાયાં નથી.

રાજ્યના આરોગ્યપ્રધાન કે. મુરલીધરને તિરુવનંતપુરમમાં તાકીદની બેઠક યોજીને સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે 'દરદીએ તાજેતરમાં એક ગોડાઉન ભાડે રાખ્યું હતું અને એની જાતે જ સફાઈ કરી હતી. આ સફાઈ-પ્રક્રિયા દરમ્યાન જ તે વન્ય ચામાચીડિયાનાં મળમૂત્ર અથવા લાળના સંપર્કમાં આવ્યો હોઈ શકે છે અને તેને આ ઇન્ફેક્શન લાગ્યું હોવાની પ્રબળ આશંકા છે.'

### આરોગ્ય તંત્ર એલર્ટ મોડમાં

## ગાંધીનગરમાં કોરોના રીટર્નઃ મહિલા પોઝિટિવ હોસ્પિટલમાં દાખલ

### ચારધામની યાત્રાથી પરત ફરેલા મહિલા કોરોના લઈ આવ્યા



**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ઘણા સમયથી કોરોના મહામારી ભૂતકાળ બની ચૂકી હતી અને લોકો વાયરસના ભય વિના સામાન્ય જીવન જીવી રહ્યા હતા, ત્યારે શહેરમાં કોરોનાની ફરી સત્તાવાર એન્ટ્રી થતાં આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે.

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષીય આધેડ મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ઉનાળુ વેકેશનના પ્રવાસન માહોલ વચ્ચે શહેરમાં સંક્રમણનો નવો કેસ સામે આવતા સ્થાનિક નાગરિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને લોકોમાં ફરી એકવાર ચિંતાની લકીરો ખેંચાઈ છે.

ચારધામની યાત્રા બાદ શરદી-ઊધરસ અને તાવના લક્ષણો દેખાયા આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સંક્રમિત થયેલા આ મહિલા તાજેતરમાં જ ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ચારધામની ધાર્મિક યાત્રા પૂર્ણ કરીને થોડા દિવસો પહેલાં જ ગાંધીનગર પરત ફર્યા હતા. ઘરે આવ્યા બાદ તેમને અચાનક શરદી, ઊધરસ અને સતત તાવ જેવા લક્ષણો દેખાતા તેઓ બીમાર પડ્યા હતા. તેમની તબિયત વધુ લથડતાં પરિવારજનોએ તેમને તાત્કાલિક સારવાર માટે એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, જ્યાં તબીબોએ સાવચેતીના ભાગરૂપે કોરોના ટેસ્ટ કરાવતા તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ખાનગી હોસ્પિટલમાં રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સરકારી પ્રોટોકોલ મુજબ મહિલાને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સ્પેશિયલ આઈસોલેશન વોર્ડમાં સારવાર અર્થે શિફ્ટ કરવામાં આવ્યા છે.

## એક વર્ષ પછી પણ તાજુ દુઃખઃ સાઈટ પર પરિવારજનોનું હૈયાફાટ રૂદન





# પ્લેન ક્રેશ સાઈટ પર વિજયભાઈ રૂપાણીની તસવીર મૂકી મૃતકોને શ્રધ્ધાંજલિ અપાઈ

## વિજયભાઈ રૂપાણીની દીકરી રાધિકાએ પ્લેન ક્રેશ સાઈટ સ્થળે વૃક્ષારોપણ કર્યુ



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં મેન્ટલ બારી ટર્નિંગ નજીક સિવિલ હોસ્પિટલની મેસ પર ૧૨ જૂન ૨૦૨૫ના રોજ અમદાવાદથી લંડન જતી AI૧૭૧ ફ્લાઈટનું પ્લેન ક્રેશ થતા ૨૬૦થી વધારે લોકોના કરુણ મોત થયા હતા. આજે(૧૨ જૂન) અમદાવાદ પ્લેન ક્રેશને એક વર્ષ પૂર્ણ થયું છે ત્યારે પ્લેન ક્રેશ સાઈટ પર મૃતકના પરિવારજનો દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. શાહીબાગ ઘોડા કેમ્પ રોડ પર રહેતા અને મેન્ટલ બારી નજીક ઝાડ નીચે ચાની કીટલી ધરાવનાર મહિલા સીતાબેન પટણીનો ૧૫ વર્ષીય પુત્ર આકાશ પટણી આ ઘટનામાં દાઝી જવાથી મૃત્યુ પામ્યો હતો. તેની માતા અને પરિવારજનો આજે પ્લેન ક્રેશ સાઈટ પર તેને યાદ કરીને વિલાપ કરી રહ્યા છે.આ ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના દીકરી રાધિકા રૂપાણીએ સાઈટ સ્થળે વૃક્ષા રોપણ કર્યું હતું. તેમણે પિતા સહિત તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. મૂળ કલોલના અને લંડનમાં સ્થાયી થયેલા પત્ની અને દીકરાને ગુમાવનાર યુવાને રડતાં રડતાં કહ્યું કે, અમને સાચો ન્યાય ક્યારે મળશે.પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના દીકરી રાધિકા રૂપાણી પણ બી.જે. મેડિકલ કોલેજ પહોંચ્યા હતા. જેમણે મૃતકોની યાદમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પ્લેન ક્રેશની ઘટનાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. અમે આ ગોઝારી દુર્ઘટનાને અનુભવી છે. આજના દિવસે બધા જ દિવંગતોને શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

પપ્પા સાથે ૨૬૦ લોકોને શ્રદ્ધાંજલિ આપીએ છીએ. પપ્પાએ જે સેવાકાર્યો શરૂ કર્યા હતા જેમણે બધા લોકો આગળ ધપાવી રહ્યા છે અને અમે પણ તેને આગળ ધપાવીશું. બધા લોકો પપ્પાને યાદ કરી રહ્યા છે જેનું આજે અમને ગર્વ છે. ગુજરાત આગળ વધે તે પપ્પાનું સ્વપ્ન હતું જેથી તેને લઈને પણ અમે પ્રયાસ કરીશું.

### ગોખણપટ્ટીના બદલે સમજણ પર ભાર

# ભણતરનો નવો યુગ; નવી શિક્ષણ નીતિથી આખી સિસ્ટમમાં મોટો બદલાવ?

## શિક્ષકો માટે પણ બદલાશે નિયમો B.E.D.ના નવા કાયદા



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતની શિક્ષણ વ્યવસ્થાને આધુનિક અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ બનાવવા માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP ૨૦૨૦) લાગુ કરવામાં આવી છે. આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકીયા જ્ઞાન સુધી સીમિત રાખવાનો નથી, પરંતુ તેમનામાં કૌશલ્ય (Skills), સર્જનાત્મક વિચારસરણી અને રોજગારલક્ષી ક્ષમતાઓનો વિકાસ કરવાનો છે.આ જ કારણ છે કે આ નીતિમાં શાળાકીય શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અને શિક્ષકોની તાલીમ સાથે જોડાયેલા કેટલાક મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી ફેરફારો કરવામાં આવ્યા છે.જો તમે એક વિદ્યાર્થી, વાલી કે શિક્ષક છો, તો શિક્ષણ પ્રણાલીમાં આવી રહેલા આ મોટા બદલાવોને વિગતવાર સમજવા તમારા માટે ખૂબ જ જરૂરી છે.  નવી શિક્ષણ નીતિનો મુખ્ય ફોકસ વિદ્યાર્થીઓના સર્વાંગી (Overall) વિકાસ પર છે. અત્યાર સુધી આપણી શિક્ષણ વ્યવસ્થામાં માત્ર ગોખણપટ્ટી અને પરીક્ષામાં સારા ગુણ લાવવા પર જ વધુ ભાર મૂકવામાં આવતો હતો. પરંતુ હવે ભણતરનો હેતુ માત્ર માર્કશીટ સુધારવાનો નથી, પરંતુ બાળકોમાં તાર્કિક વિચારસરણી, વિશ્લેષણ કરવાની ક્ષમતા અને નવી વસ્તુઓ શીખવાની જિજ્ઞાસા વિકસાવવાનો છે. આ નીતિ દ્વારા શિક્ષણને રોજગાર અને વાસ્તવિક જીવનની જરૂરિયાતો સાથે જોડવાનો એક સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે.

## અહીંયા સમજો શું બદલાશે

### ગોખણપટ્ટીના બદલે સમજણ પર ભાર

નવી નીતિમાં વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકો ગોખવા માટે દબાણ કરવામાં નહીં આવે. હવે ભણાવવાની પદ્ધતિ એવી હશે જેમાં બાળકો વિષયના મૂળ કન્સેપ્ટને સમજે, વર્ગખંડમાં પ્રશ્નો પૂછે અને પોતાના જ્ઞાનનો ઉપયોગ વાસ્તવિક જીવનમાં કરી શકે. આ પ્રાયોગિક ભણતર (Practical Learning) થી તેમની વિચારવાની અને મુશ્કેલ સમસ્યાઓ ઉકેલવાની (Problem Solving Skills) ક્ષમતા ઘણી બહેતર બનશે.

### વિષયો પસંદગીમાં મળશે સંપૂર્ણ આઝાદી

અત્યાર સુધી ધોરણ ૧૦ પછી વિદ્યાર્થીઓ પાસે લિમિટેડ ઓપ્શન હતા-સાયન્સ, કોમર્સ અથવા આર્ટસ. જો કોઈ સાયન્સનો વિદ્યાર્થી હોય તો તે ઈચ્છવા છતાં ઈતિહાસ કે સંગીત ભણી શકતો નહોતો. પરંતુ હવે આ દીવાલો સંપૂર્ણપણે પાડી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓ પોતાની રુચિ અનુસાર અલગ-અલગ પ્રવાહના વિષયોનું મિશ્રણ પસંદ કરી શકશે. ઉદાહરણ તરીકે, હવે ફિઝિક્સ કે કેમિસ્ટ્રી ભણતો વિદ્યાર્થી પોતાની પસંદગી મુજબ એકાઉન્ટ્સ કે પોલિટિકલ સાયન્સ પણ રાખી શકશે. આનાથી વિદ્યાર્થીઓને પોતાના કરિયરની દિશા નક્કી કરવામાં વધુ અનુકૂળતા રહેશે.

### ધો.૬થી જ શરૂ થશે સ્કીલ એજ્યુકેશન

આ નવી શિક્ષણ નીતિનો સૌથી મોટો અને પ્રશંસનીય બદલાવ છે. ધોરણ ૬ થી જ વિદ્યાર્થીઓને સ્કીલ બેઝ્ડ શિક્ષણ આપવામાં આવશે. જેમાં કારપેન્ટ્રી, મેટલ વર્ક, ગાર્ડનિંગ, પોટરી (માટીકામ) કે ટેકનિકલ કૌશલ્યો જેવા વ્યવહારિક કાર્યો શીખવવામાં આવશે. આ સાથે જ વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરે ઈન્ટર્નશિપ કરવાની તક પણ મળશે, જેથી તેઓ અભ્યાસની સાથે-સાથે રોજગારલક્ષી અને વ્યાવસાયિક કૌશલ્યોનું જ્ઞાન મેળવી આત્મનિર્ભર બની શકે.

## શું છે આ નવો 5 + 3 + 3 + 4 મોડલ?

નવી શિક્ષણ નીતિમાં વર્ષોથી ચાલતા જૂના ૧૦+૨ ફોર્મેટને સંપૂર્ણપણે નાબૂદ કરીને તેના સ્થાને નવું ૫+૩+૩+૪ શિક્ષણ માળખું લાગુ કરવામાં આવ્યું છે. આ મોડલ બાળકની ઉંમર અને તેની શીખવાની માનસિક ક્ષમતાને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિક રીતે તૈયાર કરવામાં આવ્યું છે.

ફાઉન્ડેશન સ્ટેજ (૫ વર્ષ)ઃ આમાં શરૂઆતના ૩ વર્ષ આંગણવાડી કે પ્લે-સ્કૂલના રહેશે અને બાકીના ૨ વર્ષ ધોરણ ૧ અને ૨ ના રહેશે. આ સ્ટેજમાં બાળકો પર ભણતરનો બોજ નહીં હોય, તેઓ રમતગમત અને પ્રવૃત્તિઓ દ્વારા પાયાનું જ્ઞાન મેળવશે.

પ્રિપેરેટરી સ્ટેજ (૩ વર્ષ)ઃ આ સ્ટેજમાં ધોરણ ૩ થી ૫ નો સમાવેશ થાય છે. અહીંથી બાળકોને ભવિષ્યના શિક્ષણ માટે તૈયાર કરવામાં આવશે અને ગણિત, વિજ્ઞાન તેમજ કળા જેવા વિષયોનો પ્રાથમિક પરિચય કરાવવામાં આવશે.

મિડલ સ્ટેજ (૩ વર્ષ)ઃ આમાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ આવશે. આ સ્ટેજથી જ બાળકોને ચોક્કસ વિષયોનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન આપવાની શરૂઆત થશે અને કોડિંગ જેવી વસ્તુઓ પણ શીખવવામાં આવશે.

સેકન્ડરી સ્ટેજ (૪ વર્ષ)ઃ આમાં ધોરણ ૯ થી ૧૨ નો સમાવેશ થાય છે. આ સ્ટેજમાં વિદ્યાર્થીઓને વિષયોનું વિશ્લેષણ કરવાની ક્ષમતા વધારવા અને તેમના કરિયરના લક્ષ્યો નક્કી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

### મૂવી રિવ્યુ : 26/11ની અનસુની બહાદુરીની કહાની

# ભારત ભાગ્ય વિધાતા અને 'ગવર્નર' ફિલ્મ એક વાર જોવા જેવી!







**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

૨૬/૧૧ મુંબઈ હુમલાઓ પર પહેલા પણ ઘણી ફિલ્મો અને વેબ સિરીઝ બની ચૂકી છે. મોટાભાગની વાર્તાઓ પોલીસ, આતંકવાદીઓ કે સુરક્ષા દળોની આસપાસ ફરતી રહી છે. પરંતુ તે રાત્રે કામા હોસ્પિટલની અંદર શું ચાલી રહ્યું હતું, ત્યાં હાજર ડોકટરો, નર્સો અને કર્મચારીઓએ કઈ પરિસ્થિતિઓમાં દર્દીઓને બચાવ્યા, તેના પર બહુ ઓછી વાત થઈ. 'ભારત ભાગ્ય વિધાતા' તે ભૂલાઈ ગયેલા અધ્યાયને સામે લાવે છે. આ માત્ર એક હુમલાની વાર્તા નથી, પરંતુ તે લોકોની વાર્તા છે જેઓ ક્યારેય હેડલાઇન્સમાં આવ્યા નથી, પરંતુ જેમની કારણે સેંકડો લોકો સુરક્ષિત ઘરે પાછા ફરી શક્યા.

ફિલ્મની વાર્તા ૨૬ નવેમ્બર ૨૦૦૮ની તે રાત પર આધારિત છે જ્યારે મુંબઈ ભયના ઓથાર હેઠળ હતું. શહેરના અલગ-અલગ ભાગોમાં ગોળીબાર ચાલી રહ્યો હતો અને તે જ સમયે કામા હોસ્પિટલ પણ ખતરાના દાયરામાં આવી ગઈ. હોસ્પિટલની અંદર હાજર નર્સો, વોર્ડ સ્ટાફ અને અન્ય કર્મચારીઓ અચાનક એવી પરિસ્થિતિઓમાં ફસાઈ જાય છે જેના માટે કોઈ તાલીમ પૂરતી નથી હોતી. વાર્તાનું કેન્દ્ર એક નર્સ અને તેની સાથે કામ કરતા લોકો છે, જેઓ પોતાનો જીવ બચાવતા પહેલા દર્દીઓની સુરક્ષા વિશે વિચારે છે. ફિલ્મનો સારો પાસું એ છે કે તે કોઈ એક પાત્રને સુપરહીરો બનાવતી નથી. અહીં બહાદુરી સામૂહિક છે. દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા મુજબ લડે છે અને આ જ વાત વાર્તાને વિશ્વસનીય બનાવે છે. જોકે ફિલ્મની પટકથા શરૂઆતમાં થોડો સમય લે છે. પહેલા અડધા કલાકમાં પાત્રો અને તેમના સંબંધોને સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેના કારણે ગતિ થોડી ધીમી લાગે છે. પરંતુ જેમ જેમ ખતરો નજીક આવે છે, ફિલ્મ પકડ જમાવતી જાય છે. કંગના રનૌત આ ફિલ્મની સૌથી મોટી તાકાતોમાંની એક છે. રસપ્રદ વાત એ છે કે અહીં તે પોતાના સ્ટારડમ પર નહીં, પરંતુ પાત્ર પર ભરોસો કરતી જોવા મળે છે.

**કંગના રનૌતે સાદગીથી દિલ જીત્યું**


# આલિયાએ પહેર્યો માત્ર 2000નો ડ્રેસ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

YRF ની અલ્ફા મૂવીનું ૧૦ જૂન, ૨૦૨૬ નાં રોજ ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું. ૧ મિનિટ ૫૫ સેકન્ડનાં વીડિયોમાં જબરજસ્ત એક્શન કરતી જોવા મળી. આ સમયે આલિયાને જોઈને ફેન્સ પણ ચોંકી ગયા હતા. જો કે આ વચ્ચે આલિયા ભટ્ટનાં ડ્રેસને લઈને ચારેબાજુ ચર્ચાઓ થઈ રહી છે. ફેશન લવર્સની નજર ટીઝરમાં આલિયાનાં સિમ્પલ અને લાઈટ બ્લૂ ડ્રેસ પર અટકી ગઈ છે.

સસ્પેન્સ, ખતરનાક મિશન અને હાઈ વોલ્ટેજ ડ્રામાથી ભરેલાં આ ટીઝરમાં તેનાં ખૂબસુરત લુકે દરેક લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. આમ, તમને આલિયાનાં આ ડ્રેસની કિંમત જાણીને ઝાટકો લાગશે.

ટીઝરનાં શરૂઆતનાં સીનમાં આલિયા ભટ્ટ એક રેસ્ટોરન્ટની અંદર બોબી દેઓલની સાથે ડિનર કરતી જોવા મળે છે. આ સમયે એક્ટ્રેસે લાઈટ બ્લૂ મિની ડ્રેસ પહેર્યો છે. આમ, આ ડ્રેસની કિંમતને લઈને ચારેબાજુ ચર્ચાઓ થઈ રહી છે. લાઈટ બ્લૂ મિની ડ્રેસમાં જોવા મળતી આલિયા ભટ્ટનો આ ડ્રેસ 'H&M' બ્રાન્ડનો છે, જેની કિંમત ૧૯૯૯ રૂપિયા છે. આ ડ્રેસને ટાયર્ડ-કર્સ્ટ શિફોન ડ્રેસ ઈન લાઈટ બ્લૂ પણ કહેવામાં આવે છે.





આ ડ્રેસમાં પાતળી શોલ્ડર સ્ટ્રેપ્સ, રફલ ડિટેલ્સની સાથે એક ખૂબસુરત વી-શેપ નેકલાઈ અને ફિટેડ ચોલી આપવામાં આવી છે, જે નીચેની બાજુ લેયર્ડ સ્કર્ટમાં બદલાઈ જાય છે. આ ડ્રેસની શોર્ટ લેન્થ અને સિમ્પલ લુક ગરમીમાં એકદમ પરફેક્ટ છે. આ સાથે જ તમને સ્ટાઈલિશ લુક પણ આપે છે. અલ્ફાનાં ટીઝરમાં તમે જોઈ શકો છો કે આલિયાનો મેકઅપ એકદમ લાઈટ અને નેચરલ છે.



# સ્ટેન્ડઅપ કોમેડિયન પ્રણિત મોરે સામે FIR નોંધાઈ

### 370ની બિરીયાનીની વસૂલીશ મામલે કાર્યવાહી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

'બિગ બોસ ૧૯'ના પૂર્વ સ્પર્ધક અને સ્ટેન્ડઅપ કોમેડિયન પ્રણિત મોરે વિરુદ્ધ પોલીસે FIR નોંધી છે. પ્રણિત વિરુદ્ધ મહારાષ્ટ્ર સાયબર પોલીસે આ કાર્યવાહી કરી છે. આ આખો મામલો ગુરુગ્રામમાં થયેલા તેમના એક લાઈવ શો સાથે જોડાયેલો છે, જ્યાં એક ૨૨ વર્ષના છોકરાએ વાતચીત દરમિયાન મહિલાઓ પર વાંધાજનક ટિપ્પણી કરી હતી. આખો વિવાદ પ્રણિત મોરેના ગુરુગ્રામમાં લાઈવ ક્રાઉડ-વર્ક કોમેડી શો દરમિયાન શરૂ થયો. શોમાં વાતચીત દરમિયાન જાંગડાએ એક ડેટિંગ અનુભવનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેણે એક મહિલા પર લગભગ ૩૬૦૩૭૦ની ચિકન બિરયાનીનો ખર્ચ કર્યો હતો. તેણે એમ પણ કહ્યું કે જ્યારે મહિલાએ તેને ઘરે છોડવા કહ્યું, ત્યારે તેને પોતાના ખર્ચની ભરપાઈના રૂપમાં શારીરિક સંબંધની અપેક્ષા હતી.

વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર પ્રણિત મોરેની ઘણી ટીકા થઈ. વિવાદ વધતા કોમેડિયનને જાહેરમાં માફી માંગવી પડી અને તેણે પોતાનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ ડિલીટ કરી દીધું છે. જ્યારે વેબ ડેવલપર હિમાંશુ જાંગડાને ગુરુગ્રામ સ્થિત કંપની સ્ટારવિક ડિઝાઈનમાંથી નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો. ઈન્સ્ટાગ્રામ અને X સહિતના ઘણા પ્લેટફોર્મ પર લોકોએ જાંગડાની કોમેન્ટની ટીકા કરી. વિરોધ વધ્યા બાદ પ્રણિત મોરેએ જાહેરમાં માફી માંગી. ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં મોરેએ લખ્યું હતું કે તાજેતરમાં વાઈરલ થયેલી ક્લિપને લઈને મળેલી ટીકાઓને હું સ્વીકારું છું. દર્શકના કમેન્ટ્સ મારા વિચારો નથી. મારે તે સમયે સારો જવાબ આપવો જોઈતો હતો. અમે વીડિયો હટાવી દીધો છે. હું માફી માંગુ છું અને ભવિષ્યમાં આવા મામલાઓને વધુ જવાબદારી અને સંવેદનશીલતા સાથે સંભાળીશ.

સ્ટારવિક ડિઝાઈને આ મામલે જાંગડા પર કાર્યવાહી કરતા તેમને નોકરીમાંથી કાઢી મૂક્યા. કંપનીના સ્થાપક વિવેક વિશ્વકર્માએ એક વીડિયો નિવેદન જારી કરીને કહ્યું, "છેલ્લા ૨૪ કલાકમાં મને અમારા એક કર્મચારી હિમાંશુ જાંગડાને લઈને સેંકડો મેસેજ, ઈમેલ અને ફોન કોલ આવ્યા છે.




## બે લેજન્ડ્સ; અબજો હૃદય સાથે જોડાયેલું નામ

# મેસ્સી V/S રોનાલ્ડો

**સિટી ન્યૂઝ@વોશિંગ્ટન ડિસી**

જ્યારે જ્યારે FIFA વર્લ્ડ કપ આવે છે ત્યારે દુનિયા ફૂટબોલના કરોડો ચાહકો ફુટબોલના જાદુની ઉજવણી કરવા માટે જાણે થોભી જાય છે.આ દુનિયાની જાણીતી રમતમાં સ્થાન મેળવનારા અસંખ્ય સ્ટાર્સ છે પણ તેમાં બે નામો બીજા બધા કરતા વધુ તેજસ્વી રીતે ચમકે છે. કદાચ ચાહકો તેમને ફૂટબોલ વિશ્વના તારલાઓ સમજે છે. તે નામો છે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિયોનેલ મેસ્સી.

તેમની યાત્રા ફક્ત ફૂટબોલ ની રમતમાં ગોલ, ટ્રોફી અને રેકોર્ડની વાર્તાઓ નથી તે સંઘર્ષ, બલિદાન, દ્રઢતા અને સુંદર રમત માટે અતૂટ જુસ્સાની પ્રેરણાદાયક વાર્તાઓ છે.

ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો જન્મ પોર્ટુગીઝ ટાપુ મડેઇરા પર એક નમ્ર પરિવારમાં થયો હતો. તેમનું બાળપણ આર્થિક મુશ્કેલીઓથી ભરેલું હતું, પરંતુ તેમના સપના તેમના સંજોગો કરતાં મોટા હતા. એક નાનો છોકરો તરીકે, તેમણે ફૂટબોલ રમવા માટે ઘર છોડી દીધું, એકલતા અને અસંખ્ય પડકારોનો સામનો કર્યો. તેમની અસાધારણ કાર્ય નીતિએ તેમને રમતગમતના ઈતિહાસના મહાન ખેલાડીઓમાંના એકમાં પરિવર્તિત કર્યા. સ્પોર્ટિંગ સીપીમાં તેમના ઉદયથી લઈને માન્ચેસ્ટર યુનાઈટેડ, રીઅલ મેડ્રિડ અને જુવેન્ટસ સાથે વૈશ્વિક સ્ટારડમ સુધી, રોનાલ્ડોએ જ્યાં પણ રમ્યા ત્યાં રેકોર્ડ તોડી નાખ્યા. તેમના પાંચ બેલોન ડી'ઓર પુરસ્કારો, સેંકડો ગોલ અને અવિસ્મરણીય પ્રદર્શને તેમને દ્દઢ નિશ્ચય અને શ્રેષ્ઠતાનું પ્રતીક બનાવ્યા છે.

ફૂટબોલ બ્રહ્માંડની બીજી બાજુ લિયોનેલ મેસ્સી છે. આર્જેન્ટિનાના રોઝારિયોમાં જન્મેલા મેસ્સીએ ખૂબ જ નાની ઉંમરે એક મોટી અવરોધનો સામનો કર્યો - વૃદ્ધિ હોર્મોનની ઉણપ જેણે તેમના ફૂટબોલ સપનાઓને ધમકી આપી. ઘણા લોકો ભાગ્ય સમક્ષ શરણાગતિ સ્વીકારી હોત, પરંતુ મેસ્સી અને તેમના પરિવારે હાર માનવાનો ઈનકાર કર્યો. સ્પેન જવા અને એફસી બાર્સેલોનાની પ્રખ્યાત એકેડેમીમાં પ્રવેશ એ એક નોંધપાત્ર સફરની શરૂઆત હતી. જાદુઈ ડ્રિબલિંગ, અસાધારણ દ્રષ્ટિ અને અજોડ સર્જનાત્મકતા સાથે, મેસ્સીએ વિશ્વભરના ફૂટબોલ પ્રેમીઓને મોહિત કર્યા.

| કારકિર્દીના કુલ આંકડાઓ | | |
|---|---|---|
| વિગત | ક્રિસ્ટિયાનો રોનાલ્ડો | લિયોનેલ મેસી |
| કુલ ગોલ | 844 | 821 |
| મેચો | 1,177 | 1,052 |
| ગોલ એવરેજ | 0.72 | 0.78 |
| આસિસ્ટ | 238 | 364 |
| હેટ-ટ્રિક | 60 | 58 |

| વર્લ્ડ કપના આંકડાઓ | | |
|---|---|---|
| વિગત | ક્રિસ્ટિયાનો રોનાલ્ડો | લિયોનેલ મેસી |
| કુલ મેચો | 22 | 26 |
| ગોલ | 8 | 13 |
| આસિસ્ટ | 3 | 8 |

ફૂટબોલ ઈતિહાસને ફરીથી લખતી વખતે તેમણે અનેક બેલોન ડી'ઓર ટાઇટલ, લીગ ચેમ્પિયનશિપ અને ખંડીય ટ્રોફી જીતી. રોનાલ્ડો અને મેસ્સી વચ્ચેની હરીફાઈ રમતગમતના ઈતિહાસમાં સૌથી મહાન પ્રકરણોમાંની એક બની ગઈ. ચાહકોએ કોણ વધુ સારું છે તે અંગે અવિરત ચર્ચા કરી. છતાં આંકડાઓથી આગળ, બંને પુરુષ ખેલાડી મહાનતાના અલગ અલગ માઇલ સ્ટોનનું પ્રતીક તરીકે ઓળખાય છે. રોનાલ્ડો અવિરત મહેનત અને શારીરિક શ્રેષ્ઠતાનું પ્રતીક હતા, જ્યારે મેસ્સીએ સમર્પણ અને શિસ્ત દ્વારા શુદ્ધ કુદરતી પ્રતિભાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેમના રેકોર્ડ આશ્ચર્યજનક છે. રોનાલ્ડો ફૂટબોલના સૌથી વધુ આંતરરાષ્ટ્રીય ગોલ સ્કોરર્સમાંના એક અને પોર્ટુગલ સાથે યુરોપનો ચેમ્પિયન બન્યો. મેસ્સી આર્જેન્ટિનાનો તાવીજ બન્યો, જેણે પોતાના રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું અને આખરે ૨૦૨૨ માં FIFA વર્લ્ડ કપ જીતીને પોતાના જીવનભરના સ્વપ્નને પૂર્ણ કર્યું. કતારમાં તે ભાવનાત્મક ક્ષણે દાયકાઓથી તેની યાત્રાને અનુસરતા લાખો લોકોના આંસુ લાવી દીધા.

રોનાલ્ડો અને મેસ્સીને ખરેખર ખાસ બનાવતી બાબત ફક્ત તેમણે કરેલા ગોલ અથવા ટ્રોફીની સંખ્યા જ નથી. તે પેઢીઓને પ્રેરણા આપવાની તેમની ક્ષમતા છે. તેઓએ યુવાન સ્વપ્ન જોનારાઓને શીખવ્યું કે માત્ર પ્રતિભા પૂરતી નથી સાથે સાથે દ્રઢતા, બલિદાન, નમ્રતા અને આત્મવિશ્વાસ પણ એટલા જ મહત્વપૂર્ણ છે.

જેમ જેમ બીજો FIFA વર્લ્ડ કપ નજીક આવી રહ્યો છે, ફૂટબોલ ચાહકોને આશ્ચર્ય થશે કે શું દુનિયા ફરી ક્યારેય તેમના જેવી હરીફાઈ જોશે. કદાચ નહીં. રોનાલ્ડો અને મેસ્સી ફૂટબોલરો કરતાં વધુ છે - તેઓ આશા, સ્થિતિસ્થાપકતા અને માનવીય ક્ષમતાના પ્રતીક છે. તેમની યાત્રાઓ આપણને યાદ અપાવે છે કે મહાનતા ફક્ત સફળતામાંથી જ નહીં પરંતુ પ્રતિકૂળતાઓને દૂર કરવા અને સ્વપ્નનો પીછો કરતા રહેવાની હિંમતમાંથી પણ જન્મે છે.અને કદાચ એટલે જ મેસ્સી અને રોનાલ્ડો જેટલી ઊંચાઈ સુધી પહોંચી શકાય છે.

## ઓટો માર્કેટમાં ધડાકો : બમ્પર માઈલેજ ફીચર્સ પણ જોરદાર

# દેશનું પ્રથમ CNG સ્કૂટર લોન્ચ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**



ટીવીએસ મોટર્સે ઈન્ડિયા મોબિલિટી ગ્લોબલ એક્સ્પો ૨૦૨૫ માં જ્યુપિટર સીએનજી સ્કૂટરનું અનાવરણ કર્યું. આ સ્કૂટર સીએનજી અને પેટ્રોલ બંને પર ચાલશે. કંપનીએ હજુ સુધી લોન્ચ તારીખ જાહેર કરી નથી, પરંતુ તે નિકટવર્તી હોવાનું માનવામાં આવે છે, ખાસ કરીને સીએનજી વાહનોની માંગ વધી રહી છે.

ટીવીએસે સ્કૂટરને ૧૨૪.૮ સીસી સિંગલ-સિલિન્ડર એન્જિનથી સજ્જ કર્યું છે, જે ૫.૩ કિલોવોટ પાવર અને ૯.૪ ન્યૂટન મીટર ટોર્ક ઉત્પન્ન કરે છે. સ્કૂટરને પેટ્રોલ અને સીએનજી બંને પર ૨૨૬ કિમી સુધી ચલાવી શકાય છે.

સ્કૂટરનું એન્જિન ૮૦.૫ કિમીની ટોચની ગતિ સુધી પહોંચી શકે છે, અને તે ૧ કિલો સીએનજી પર ૮૪ કિમી સુધી ચલાવી શકાય છે. તેમાં ૨-લિટર પેટ્રોલ ટાંકી અને ૧.૪ કિલો સીએનજી ટાંકી છે.

તે તેના સેગમેન્ટમાં સૌથી મોટી સીટ ધરાવે છે. તેમાં મેક્સ મેટલ બોડી, બાહ્ય ફ્યુઅલ ઢાંકણ, ફ્રન્ટ મોબાઈલ ચાર્જર, સેમી-ડિજિટલ સ્પીડોમીટર, બોડી બેલેન્સ ટેકનોલોજી અને વધુ પગની જગ્યા પણ છે.

આ CNG સ્કૂટરમાં ETFI ટેકનોલોજી, ઈન્ટેલિગો ટેકનોલોજી, ઓલ-ઇન-વન લોક અને સાઈડ સ્ટેન્ડ સૂચક સાથે એન્જિન ઈન્હિબિટર છે. તેમાં પેટ્રોલથી CNG પર સ્વિચ કરવા માટે એક સમર્પિત બટન પણ છે.

તેની એક્સ-શોરૂમ કિંમત લગભગ ૧ લાખ હોવાની ધારણા છે. તે બજારમાં આવનારું પહેલું CNG સ્કૂટર પણ હશે. આમ, તે અન્ય કોઈપણ સ્કૂટર સાથે સ્પર્ધા કરશે નહીં. જો કે, લોકો પાસે સ્કૂટર અને બાઈક બંનેનો વિકલ્પ હશે. તે ૨૦૨૬ ના મધ્ય સુધીમાં ડેબ્યૂ થઈ શકે છે.

કંપનીએ તેના લોન્ચ અંગે કોઈ સત્તાવાર રીતે કોઈ વિગતો શેર કરી નથી, પરંતુ તેના કદને ધ્યાનમાં રાખીને, તે ઉત્પાદનના અંતિમ તબક્કામાં હોવાનું જણાય છે. પરિણામે, તે ૨૦૨૬ ના મધ્ય સુધીમાં લોન્ચ થઈ શકે છે.

## ડબલ ઓલિમ્પિક મેડલ જીતનાર મનુ ભાકરના કોચ હતા

# ભારતીય શૂટર જસપાલ રાણાનું અવસાન





**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતના દિગ્ગજ શૂટર જસપાલ રાણાનું નિધન થયું છે. તેઓ ૪૯ વર્ષના હતા. તેમને દિલ્હીની મેક્સ સાકેત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં શુક્રવારે સવારે જસપાલે અંતિમ શ્વાસ લીધા. NRAI (નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા) ના પ્રમુખ કાલિકેશ નારાયણ સિંહ દેવે તેમના નિધનની પુષ્ટિ કરી છે.

એક જૂનની રાત્રે મ્યુનિકથી પાછા ફરતી વખતે ફ્લાઈટમાં જસપાલની તબિયત બગડી હતી. જ્યાં તેમને મેડિકલ મદદ આપવામાં આવી હતી. સ્વદેશ પાછા ફર્યા પછી જસપાલને દિલ્હીની મેક્સ સાકેત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ટેસ્ટ પછી એક સ્ટેન્ટ બેસાડવામાં આવ્યું.

જસપાલ રાણા પેરિસ ઓલિમ્પિકમાં ડબલ ઓલિમ્પિક મેડલ જીતનાર નિશાનેબાજ મનુ ભાકરના કોચ હતા. તેઓ જુનિયર ટીમના કોચ અને હાઈ પરફોર્મન્સ ટ્રેનર હતા. જસપાલને ફેબ્રુઆરી ૨૦૨૫થી ૨૫ મીટર પિસ્તોલમાં ભારતના હાઈ પરફોર્મન્સ કોચ બનાવવામાં આવ્યા હતા.

ખેલાડી તરીકે જસપાલ રાણાએ એશિયન ગેમ્સમાં ૮ મેડલ જીત્યા. જેમાં ૪ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝનો સમાવેશ થાય છે. તેમણે કોમનવેલ્થ ગેમ્સમાં ૯ ગોલ્ડ સહિત ૧૫ મેડલ જીત્યા છે. જેમાં ૪ સિલ્વર અને બે બ્રોન્ઝનો પણ સમાવેશ થાય છે.



# રાહૂલ દ્રવિડના પુત્રની ટીમ ઈન્ડિયા અંડર-19માં પસંદગી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દ્રવિડ પરિવારનો વધુ એક સભ્ય ભારતીય ક્રિકેટમાં રાષ્ટ્રીય સ્તરે પહોંચ્યો છે. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને દિગ્ગજ બેટ્સમેન રાહુલ દ્રવિડના નાના પુત્ર અન્વય દ્રવિડને આગામી મહિને શ્રીલંકા પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની અંડર-૧૯ ODI ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ૧૭ વર્ષીય વિકેટકીપર-બેટ્સમેનને ઘરેલુ વય-જૂથ ક્રિકેટમાં તેના સતત પ્રદર્શન માટે પુરસ્કાર આપવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની જુનિયર પસંદગી સમિતિ, શરથ શ્રીધરનના નેતૃત્વ હેઠળ, ગુરુવારે શ્રીલંકા પ્રવાસ માટે ODI અને મલ્ટી-ડે ઈન્ટરનેશનલ બંને ટીમોની જાહેરાત કરી. આ પ્રવાસ ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ શ્રીલંકાના હંબનટોટામાં શરૂ થશે અને તેમાં ત્રણ ODI અને બે મલ્ટી-ડે ઈન્ટરનેશનલ મેચનો સમાવેશ થશે. અન્વયને ૧૫ સભ્યોની ODI ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તે ટીમના બે વિકેટકીપરમાંથી એક છે, બીજો રજત બઘેલ છે. મધ્યપ્રદેશના યશવર્ધન સિંહ ચૌહાણને કેપ્ટન બનાવવામાં આવ્યો છે, જ્યારે લક્ષ્ય રાયચંદાની ઉપ-કેપ્ટન રહેશે.

### 9 જુલાઈએ હાજર થવા માટે સમન્સ મોકલ્યા

# વિમલ પાન મસાલામાં શાહરૂખ, અજય, ટાઈગરને કોર્ટની નોટિસ




## 5 રૂપિયાના પાનમસાલામાં 5 લાખ રૂપિયે કિલો વેચાતું કેસર કેવી રીતે હોઈ શકે?

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

બૉલીવુડના સુપરસ્ટાર શાહરુખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફને રાજસ્થાનના બારાં જિલ્લા ગ્રાહક અદાલતે નોટિસ પાઠવીને ૯ જુલાઈએ હાજર થવા માટે સમન્સ મોકલ્યા છે. તેમના પર પાનમસાલાની જાહેરાતોમાં કેસરના નામે ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાનો અને આરોગ્ય માટે હાનિકારક ઉત્પાદનોનો પરોક્ષ પ્રચાર કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ કેસમાં અદાલતે કુલ ૪ લોકોને નોટિસ પાઠવી છે એમાં શાહરુખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફ ઉપરાંત વિમલ પાન મસાલાના માલિક વિમલ અગ્રવાલનું નામ પણ સામેલ છે.આ મામલામાં બારાંની આદેશ નાગરિક અધિકાર સંસ્થાના સચિવ વીરેન્દ્ર સિંહે ગ્રાહક અદાલતમાં પાનમસાલા કંપની અને અભિનેતાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી વીરેન્દ્ર સિંહે દલીલ કરી છે કે પાંચ રૂપિયાના પાઉચમાં પાંચ લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ કિંમતનું કેસર મિશ્રિત હોવાનો દાવો સંપૂર્ણપણે ભ્રામક છે. તેમનું કહેવું છે કે આ પ્રકારની જાહેરાત ગ્રાહકોના અધિકારોનું ઉલ્લંઘન કરે છે અને લોકોને ગેરમાર્ગે દોરે છે. વીરેન્દ્ર સિંહે અદાલત સમક્ષ દેશભરમાં આ જાહેરાતો પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની માગણી પણ કરી છે. આ મુદ્દે સુનાવણી માટે અદાલતે આગામી તારીખ ૨૨ જૂન નક્કી કરી છે.ગ્રાહક અદાલતે તમામ પક્ષકારોને ૯ જુલાઈએ વ્યક્તિગત રીતે અથવા તેમના વકીલ મારફત હાજર રહેવા માટે સમન્સ મોકલ્યા છે.

# CEA સમિતિમાં આયુર્વેદના દબદબા સાથે ડો.સંજય જીવરાજાનીની એન્ટ્રી


**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ગુજરાત રાજ્યમાં આરોગ્યલક્ષી સેવાઓના નિયમન અને ગુણવત્તામાં સુધારો લાવવાના હેતુથી કાર્યરત 'ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ' (CEA)ની રાજ્ય કક્ષાની સમિતિમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત આયુર્વેદિક કાઉન્સિલના પ્રમુખ ડો. સંજયભાઈ જીવરાજાનીની આ સમિતિમાં આયુર્વેદના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિર્ણયથી રાજ્યના આયુર્વેદિક ચિકિત્સકો અને હોસ્પિટલ સંચાલકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.


ડો. સંજયભાઈ જીવરાજાની લાંબા સમયથી આયુર્વેદ ક્ષેત્રે સક્રિય રીતે કાર્યરત છે અને ગુજરાત આયુર્વેદિક કાઉન્સિલના પ્રમુખ તરીકે તેમણે આયુર્વેદના વિકાસ માટે સતત પ્રયત્નો કર્યા છે. CEA જેવી અત્યંત મહત્વપૂર્ણ સમિતિમાં તેમની નિમણૂક થવાથી હવે રાજ્ય સ્તરે આરોગ્ય સેવાઓના માળખામાં આયુર્વેદના દ્રષ્ટિકોણને વધુ મજબૂતી મળશે. આ ઉપરાંત, આગામી સમયમાં આયુર્વેદિક હોસ્પિટલો તથા ક્લિનિકોના સંચાલન અંગેના નિયમોમાં તેમના અનુભવનો સીધો લાભ મળશે અને સકારાત્મક માર્ગદર્શન પ્રાપ્ત થશે. આ ઐતિહાસિક નિમણૂક બદલ આયુર્વેદ જગતના તજજ્ઞો, સાથી ચિકિત્સકો અને શુભેચ્છકો દ્વારા ડો. સંજયભાઈ



જીવરાજાની પર અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે. સમિતિના સભ્ય તરીકે તેમના કાર્યકાળ દરમિયાન તેઓ આયુર્વેદના હિતમાં અને જન આરોગ્યના સુધારા માટે મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી દ્રઢ આશા વ્યક્ત કરવામાં આવી છે. આ તકે ગુજરાત આયુર્વેદિક કાઉન્સિલની લાગણીને માન આપીને આ યોગ્ય નિમણૂક કરવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાનો સમગ્ર આયુર્વેદ જગત દ્વારા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સરકારી સમિતિમાં આયુર્વેદને મળેલું આ સ્થાન ભવિષ્યમાં ચિકિત્સા પદ્ધતિને વધુ મજબૂત બનાવશે.







## રાજકારણથી ઉપરનો સબંધ વિજયભાઈને મિત્રની ભાવભીની શ્રધ્ધાંજલિ

# આજે પણ હિંચકો રડે છે!







### વિજયભાઈ રૂપાણીની યાદે પાક્કા મિત્ર ધનસુખ ભંડેરીની ભીની આંખે 35 વર્ષની યાદો જીવંત



**સિટી ન્યૂઝ@રાજકોટ**

અમદાવાદ વિમાન દુર્ઘટનાને આજે એક વર્ષ પૂર્ણ થયું, પરંતુ સ્વ. વિજય રૂપાણીની યાદો આજે પણ એટલી જ તાજી છે. તેમના નજીકના મિત્ર ધનસુખભાઈ ભંડેરી માટે આ દિવસ માત્ર એક તારીખ નહીં, પણ લાગણીઓનો સમુદ્ર છે.

ધનસુખભાઈએ સાડા ત્રણ દાયકાથી વધુ સમયની યાદો વાગોળતા ગળા ભરાઈ આવ્યા. તેઓએ જણાવ્યું કે જ્યારે વિમાન દુર્ઘટનાના સમાચાર મળ્યા, ત્યારે તેઓ લંડનમાં વિજયભાઈની પત્ની અંજલીબેન અને નિતિનભાઈ ભારદ્વાજ સાથે હતા. એ ક્ષણ એવી હતી કે લગભગ ૧૫ મિનિટ સુધી કોઈ બોલી પણ શક્યું નહોતુંશબ્દો ગૂંગા બની ગયા હતા.

વિજયભાઈ માત્ર રાજકારણી નહોતાતે એક સહજ, સંવેદનશીલ અને દિલથી જોડાયેલા માણસ હતા. મુખ્યમંત્રી બન્યા બાદ પણ તેમની અંદરનો “કોમન મેન” ક્યારેય મર્યો નહોતો. કાર્યકર્તાઓને મનાવવા તેઓ ખુદ તેમના ઘેર પહોંચી જતાએવી સાદગી આજના સમયમાં દુર્લભ છે.

પાટીદાર આંદોલન જેવી પડકારજનક પરિસ્થિતિમાં પણ તેમણે સંવાદ અને સમજણથી પરિસ્થિતિને શાંત કરી. રાજકોટ અને સૌરાષ્ટ્ર માટે એમ્સ અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જેવા મોટા પ્રોજેક્ટોને ગતિ આપવી હોય કે પાણી વ્યવસ્થાપન માટે સૌની યોજના અને સુજલામ સુફલામ જેવી યોજનાઓ વિજયભાઈએ વિકાસને પ્રાથમિકતા આપી. પરંતુ તેમની સૌથી મોટી ઓળખ હતી તેમની માનવતા. પોતાના પુત્ર પૂજિતના નિધન બાદ પણ તેઓ તૂટી ગયા નહોતાપણ પૂજિત રૂપાણી ટ્રસ્ટ દ્વારા અનાથ બાળકો માટે સેવા શરૂ કરી.


“વિજયભાઈને હિંચકો ખૂબ ગમતો. ગાંધીનગર હોય કે રાજકોટતે હિંચકા પર બેસીને અખબાર વાંચતા, લોકો સાથે વાતો કરતા. આજે એ જ હિંચકો ખાલી છે અને જાણે તેમની યાદમાં હિબકાં ભરી રહ્યો છે.


તેમણે કહ્યું કે તેમની અને વિજયભાઈની મિત્રતા માત્ર રાજકીય નહોતીએ એક પારિવારિક સંબંધ હતો. લગ્ન પ્રસંગ હોય કે વ્યક્તિગત ખુશીઓવિજયભાઈ હંમેશા સાથે ઊભા રહ્યા. લંડન જવાના એક દિવસ પહેલાં થયેલી નાસ્તાની મુલાકાત અને ત્યારબાદનો વીડિયો કોલએ જ તેમની છેલ્લી વાતચીત બની ગઈ. એક વર્ષ બાદ પણ એક વાત સ્પષ્ટ છે.

વિજય રૂપાણી માત્ર એક નેતા નહોતા, પરંતુ હજારો લોકોના દિલમાં વસેલો એક લાગણીસભર માણસ હતા. તેમની યાદો આજે પણ જીવંત છે... અને કદાચ હંમેશા રહેશે.

## હાઈ સિક્યૂરિટી કે મજાક ? સુરક્ષા પર ગંભીર સવાલ

# હિરાસર એરપોર્ટમાં ઢોરોનું રાજ !





## આંતરરાષ્ટ્રીય એરપોર્ટમાં આ દ્રશ્યો શરમજનક સિક્ટૂરિટી ફેલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ફરી એકવાર વિવાદમાં આવ્યું છે. તાજેતરમાં એરપોર્ટમાં રખડતા ઢોર જોવા મળતા સુરક્ષા વ્યવસ્થા પર અનેક સવાલો ઊભા થયા છે. સવારના સમયે રનવેની નજીકના વિસ્તારોમાં ઢોર મુક્તપણે ફરતા જોવા મળતા એરપોર્ટ તંત્રની કામગીરી સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ સમગ્ર ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આટલી હાઈ-સિક્યુરિટી ધરાવતા વિસ્તારમાં ઢોરનું પ્રવેશવું એ એરપોર્ટ ઓથોરિટી ની બેદરકારી સાબિત કરે છે. જો રખડતા ઢોર રનવે સુધી પહોંચી જાય, તો કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. વિમાનના ટેક-ઓફ કે લેન્ડિંગ દરમિયાન પ્રાણીઓ આવી ચડે તો મુસાફરોનો જીવ જોખમમાં મુકાઈ શકે છે.

અગાઉ પણ એરપોર્ટ તંત્રની અનેક બેદરકારીઓ સામે આવી ચૂકી છે, છતાં તંત્ર દ્વારા સુરક્ષાના મામલે પૂરતી તકેદારી રાખવામાં આવતી નથી. આ પ્રકારના દ્રશ્યો આંતરરાષ્ટ્રીય એરપોર્ટની ગરિમા અને સુરક્ષા માટે બિલકુલ યોગ્ય નથી. જો ભવિષ્યમાં કોઈ અકસ્માત સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે? તેવો પ્રશ્ન સ્થાનિક લોકો અને વારંવાર મુસાફરી કરતા મુસાફરો કરી રહ્યા છે.

## યૂવતિઓની દલાલી બંધ કરો : કોંગ્રેસના સરકાર પર પ્રહારો

# 15મી ગાંધીનગરમાં 1111 ટ્રેક્ટરોની મહારેલી વીજ થાંભલાનો વિરોધ ઉગ્ર બન્યો !

### 23 કિસાન સંગઠનોનું એલાન–એ–જંગ : દલાલી બંધ કરી નહીંતો આંદોલન ઉગ્ર થશેની ચેતવણી : પાલ આંબલિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં ખેડૂતોની મરજી અને જિલ્લા કલેક્ટરની મંજૂરી વિના ખાનગી જમીનોમાં ગેરકાયદેસર રીતે વીજળીના મોટા થાંભલા ઊભા કરવાના મુદ્દે રાજ્યભરમાં ભારે આક્રોશ છે. આ અંગે ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને કિસાન કોંગ્રેસના ચેરમેન પાલ આંબલિયાએ રાજકોટ ખાતે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. કંપનીઓની દાદાગીરી સામે ૨૩ કિસાન સંગઠનોએ ૧૫ જૂને ગાંધીનગરમાં ૧૧૧૧ ટ્રેક્ટરો સાથે વિશાળ મહારેલી યોજવાની જાહેરાત કરી છે.ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ આક્ષેપ કર્યો કે, વીજ થાંભલા માટે મહત્તમ ૬૭ મીટરની ત્રિજ્યાનો નિયમ હોવા છતાં કંપનીઓ ૦.૭૫ કિલોમીટર સુધીનો ખેતીલાયક વિસ્તાર ગેરકાયદેસર



રીતે કબજે કરી રહી છે. ખેડૂતોને યોગ્ય વળતર અપાતું નથી. ધ્રાંગધ્રા, મોરબી અને દ્વારકા જેવા વિસ્તારોમાં પોલીસ દ્વારા ખેડૂતો અને મહિલાઓ પર દમન ગુજારવામાં આવી રહ્યો છે. માત્ર ઉદ્યોગપતિઓને ફાયદો કરાવવા માટે આ સમગ્ર ખેલ ચાલી રહ્યો છે. કિસાન નેતા પાલ આંબલિયાએ જણાવ્યું કે, સરકારે જમીન સંપાદન સહિતના મૂળ કાયદાઓ નેવે મૂકીને એવા પરિપત્રો કર્યા છે જેમાં ખેડૂતોને જંત્રી ભાવના માત્ર ૨૫% રકમ જ મળે. કલેક્ટરો દ્વારા કરાતી સુનાવણી માત્ર એક નાટક છે. કંપનીઓ જરૂરી દસ્તાવેજો આપ્યા વિના જ હુકમો મેળવી લે છે. ત્યારબાદ પોલીસ પ્રોટેક્શનના નામે ખેડૂતોને પોતાના જ આખા ખેતરમાં જતા રોકવામાં આવે છે અને આસપાસના ખેતરો પણ બળજબરીથી બંધ કરાવી દેવાય છે.

### ખેડૂતોની 5 મુખ્ય માંગણીઓ

- ખોટી જમીન માપણી રદ્દ કરી જમીન સંપાદન કાયદા મુજબ માર્કેટ ભાવનું ૪ ગણું વળતર આપો.
- દરેક વીજપોલ દીઠ ૨ કરોડ રૂપિયા અથવા માસિક 30 હજાર ભાડું આપો.
- પાક નુકસાની અને વધતા ખેત ઉત્પાદન ખર્ચ સામે ખેડૂતોનું સંપૂર્ણ દેવું માફ કરો.
- દૂધ અને ખેત પેદાશના પોષણક્ષમ ભાવ આપો તેમજ નકલી ખાતર–બિયારણ અટકાવો.
- અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ ખેડૂતોને ખેતી માટે મફત વીજળી આપો.

# રાજકોટનું ગૌરવ; સિદ્ધિએ શહેરનું માથું ઉંચુ કર્યુ

## રાજકોટનો ફાસ્ટ બોલર મોહિતની ભારતીય અંડર-19 ટીમમાં પસંદગી

### ભારતીય મહિલા અંડર-19 ટીમમાં બોટાદની ઓફ સ્પિનર અવનિ ચાવડા સિલેક્ટ

સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્રના સ્પોર્ટ્સ પ્રેમીઓ અને ખેલજગતના નિષ્ણાતો માટે જૂન મહિનો અત્યંત ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક સાબિત થયો છે. સૌરાષ્ટ્રના આંગણેથી એક સાથે બે-બે યુવા ખેલાડીઓએ પોતાની અદભુત રમતને જોરે ટીમ ઈન્ડિયાની બ્લુ જર્સી સુધીની સફર ખેડીને ઈતિહાસ રચી દીધો છે. બોટાદની આશાસ્પદ ઓફ-સ્પિનર અવનિ ચાવડાની ભારતીય મહિલા અંડર-૧૯ T૨૦ ટીમમાં પસંદગી થઈ છે જ્યારે રાજકોટના જ ફાસ્ટ બોલર મોહિત ઉલ્વાએ ભારતીય મેન્સ અંડર-૧૯ વન-ડે ટીમમાં સ્થાન મેળવીને સૌરાષ્ટ્રનું નામ આખા દેશમાં ચમકાવ્યું છે.

મૂળ બોટાદની વતની અને જમણેરી પ્રતિભાશાળી ઓફ-સ્પિનર અવનિ ચાવડાએ સૌરાષ્ટ્રના મહિલા ક્રિકેટમાં એક નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે. અવનિએ સ્થાનિક સ્તરે તમામ ફોર્મેટમાં પોતાની પકડ મજબૂત કરી છે. તેણે ટીમ સૌરાષ્ટ્ર તરફથી અલગ અલગ ફોર્મેટમાં સાતત્યપૂર્ણ પ્રદર્શન કરીને પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું. પોતાની ધારદાર સ્પિન બોલિંગના જોરે તે આંતરરાષ્ટ્રીય સ્તરે ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કરનારી સૌરાષ્ટ્રની પ્રથમ યુવા મહિલા ક્રિકેટરોમાંની એક બની ગઈ છે.

રાજકોટના સ્થાનિક ક્રિકેટ ગ્રાઉન્ડ્સમાંથી તૈયાર થયેલો મોહિત ઉલ્વા પ્રભાવશાળી ફાસ્ટ બોલર છે. મોહિતની ભારતીય અંડર-૧૯ વન-ડે ટીમમાં પસંદગી કોઈ અકસ્માત નથી, પરંતુ ડોમેસ્ટિક સિઝન ૨૦૨૫-૨૬માં તેના દમદાર અને સાતત્યપૂર્ણ પ્રદર્શનનું ઈનામ છે. કૂચ બિહાર ટ્રોફીની ૭ મેચમાં ૧૩૦ ઓવર ફેંકીને તેણે ૧૪ મહત્વની વિકેટો ઝડપી હતી, જ્યારે વિનુ માંકડ ટ્રોફીની ૮ મેચમાં ૧૧ વિકેટો લઈને પોતાની સ્પીડ અનેલાઈન-લેન્થનો લોહ મનાવ્યો હતો.










## રાજકોટના યુવાને 17,350 ઉંચુ શિખર સર કર્યુ : 'નો ડ્રગ્સ'નો સંદેશ આપ્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

હિમાચલ પ્રદેશની પીરપંજાલ પર્વતમાળામાં આવેલા આશરે ૧૭,૩૫૦ ફૂટ ઊંચા માઉન્ટ ફ્રેન્ડશિપ શિખર પર રાજકોટના યુવા પર્વતારોહક કરણ સાકરિયાએ સફળતાપૂર્વક સમિટ પૂર્ણ કરીને શહેરનું ગૌરવ વધાર્યું છે.

ઈનવિઝિબલ NGO દ્વારા આયોજિત અને પ્રાયોજિત આ સાહસિક અભિયાનમાં અમદાવાદની ટીમના ૧૧ યુવા પર્વતારોહક જોડાયા હતા, જેમણે ૪ જૂન, ૨૦૨૬ના રોજ ચઢાણની શરૂઆત કરી હતી.

બરફથી ઢંકાયેલા માર્ગો, ઓક્સિજનની અછત અને માઇનસ ડિગ્રી તાપમાન જેવા પડકારો વચ્ચે યુવાનોએ અડગ સંકલ્પશક્તિનું પ્રદર્શન કર્યું. પર્વતારોહકોએ શિખર પરથી યુવાનોને નશામુક્ત, સ્વસ્થ અને સકારાત્મક જીવનશૈલી અપનાવવા માટે નો ડ્રગ્સ કેમ્પેઇન નો વિશેષ સંદેશ આપ્યો હતો.

યુવાનોએ છેલ્લા બે મહિનાથી સઘન તાલીમ મેળવી હતી, જેમાં રનિંગ, લોડ કેરિંગ અને માઉન્ટેનિયરિંગ ટેક્નિકનો સમાવેશ થતો હતો. આ ટ્રેકિંગ ટીમમાં કરણ સાકરિયા ઉપરાંત પ્રિયાંક કાપડિયા, હર્ષિલ પારેખ, મિતેશ ચૌધરી, જય પટેલ, શ્રેય મેવાડા, ખુશિલ ગોંડલિયા, ભરત ધાવલી, અપૂર્વ કારિયા, આર્ચ પટેલ અને કૃષ્ણરાજ નકુમ જોડાયા હતા.



## ગ્લેમર પાછળ ગેરકાયદેસર ખેલ; બેંગકોકથી ડ્રગ લાવી હતી

# મોડેલ 12 કરોડના ડ્રગ્સ સાથે મુંબઈ એરપોર્ટથી પકડાઈ








## મોલેડ હર્ષા સનીની ગ્યા વર્ષે એક પ્રતિષ્ઠિત સોંદર્ય સ્પર્ધામાં રનર-અપનો ખિતાબ પણ જીત્યો

**સિટી ન્યૂઝ@મુંબઈ**

મહારાષ્ટ્રના મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ વિભાગે એક મોટા ઓપરેશનમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ દાણચોરીનો કેસ ખોલ્યો છે. બેંગકોકથી મુંબઈ પહોંચેલી ૨૯ વર્ષીય મોડેલ હર્ષા સનીની લગભગ એક કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો નામના હાઈ-એન્ડ ડ્રગ સાથે ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જપ્ત કરાયેલ ડ્રગની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે ૧૧૮.૨ મિલિયન છે.

કસ્ટમ અધિકારીઓએ જણાવ્યું હતું કે મહિલાને શંકાના આધારે અટકાવવામાં આવી હતી. શોધખોળ દરમિયાન, તેના સામાનમાંથી મોટી માત્રામાં ડ્રગ્સ મળી આવ્યું હતું, જેના પગલે તેણીને કસ્ટડીમાં લેવામાં આવી હતી.

કસ્ટમ વિભાગના જણાવ્યા અનુસાર, મહિલાની એક ટ્રોલી બેગમાં છુપાયેલા ૧૨ વેક્યુમ-સીલબંધ પેકેટ મળી આવ્યા હતા. આ પેકેટોમાં ઉચ્ચ ગુણવત્તાની હાઇડ્રોપોનિક ગાંજો હતો. કસ્ટમ વિભાગે હર્ષા સનીની ધરપકડ કરી હતી અને તેને NDPS કોર્ટમાં રજૂ કરી હતી, જેણે તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલી હતી.

અહેવાલ મુજબ, હર્ષા સની એક ખાનગી બેંકમાં રિલેશનશિપ મેનેજર તરીકે કામ કરે છે. તે મોડેલિંગ અને ગ્લેમર વર્લ્ડમાં પણ સામેલ છે. એવું કહેવાય છે કે તેણીએ ગયા વર્ષે એક પ્રતિષ્ઠિત સૌંદર્ય સ્પર્ધામાં રનર-અપનો ખિતાબ પણ જીત્યો હતો.

# ગોંડલમાં ખેડૂતને હનીટ્રેપમાં ફસાવી રોકડ-કાર લૂંટી લેનાર બે મહિલા સહીત ચાર ઝડપાયા

- **બળાત્કારના ખોટા કેસમાં ફિટ કરવાની ધમકી આપી તેની જ કારમાં અપહરણ કરી લખાણ કરાવ્યું'તું**
- **મિત્રએ જ કાવતરું ઘડ્યું હતું : વાહનો સહીત 5.51 લાખનો મુદામાલ કબ્જે કરતી પોલીસ**

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, એક ખેડૂતને આ ગેંગ દ્વારા શિકાર બનાવવામાં આવ્યો હતો. આરોપી સંગીતાએ ખેડૂતને પોતાની પ્રેમ જાળમાં ફસાવીને ગોંડલ બોલાવ્યો હતો. જ્યારે ખેડૂત ત્યાં પહોંચ્યો ત્યારે આરોપી ઈમરાન અને તેની માતાએ ખેડૂતને છરી બતાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, આરોપીઓએ એમ પણ કહ્યું હતું કે તેમણે અગાઉ ૯ મર્ડર કર્યા છે અને આ ૧૦ મું થશે, અને ખોટા બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી.

આરોપીઓએ રૂમમાં ગોંધી રાખીને પહેલા ૪૦૦૦ રૂપિયા રોકડા પડાવી લીધા ત્યારબાદ ૫ લાખ રૂપિયાની માંગણી કરી



ખેડૂત પાસે રોકડા ન હોવાથી તેની ૪ લાખ રૂપિયાની કિંમતની ક્રેટા કાર બળજબરીથી પડાવી લીધી. ત્યારબાદ અન્ય એક આરોપી દશરથ સાથે મળીને ખેડૂતનું તેની જ કારમાં અપહરણ કરી, બળજબરીથી લખાણ પર સહીઓ કરાવી લીધી હતી. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ ગોંડલ બી ડિવિઝનના પોલીસ ઇન્સ્પેક્ટર જે.આર. ઝાલા અને તેમની ટીમે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સીસના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ગણતરીના કલાકોમાં જ પોલીસે તમામ ૪ આરોપીઓ જેવાકે દશરથભાઈ જેન્તીભાઈ સરવૈયા (રહે. નવાગામ, રાજકોટ), ઈમરાન મહેમુદશા શાહમદર (રહે. નવાગામ, રાજકોટ), હસીનાબેન મહેમુદશા શાહમદર (રહે. નવાગામ, રાજકોટ), સંગીતાબેન મયુરભાઈ અગેચણીયા (રહે. નવાગામ, રાજકોટ)ને દબોચી લીધા હતા. અને પોલીસે આરોપીઓ પાસેથી ૪ લાખની ક્રેટા કાર, એક સીએનજી રીક્ષા, એક એક્ટીવા, ૫ મોબાઈલ ફોન, ગુનામાં વપરાયેલ છરી, રોકડા રૂપિયા ૪૦૦૦ અને લખાણ કરેલા કાગળો મળી કુલ રૂપિયા ૫,૫૧,૦૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે ગોંડલ બી ડિવિઝન પોલીસે આ સફળ ઓપરેશન પાર પાડવાની સાથે જ જાહેર જનતાને એક અપીલ પણ કરી છે. જો અન્ય કોઈ વ્યક્તિ આ આરોપીઓના હનીટ્રેપ કે બળજબરીથી પૈસા પડાવવાના ગુનાનો ભોગ બન્યા હોય, તો તેઓ મુક્તપણે ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો રૂબરૂ અથવા તેમના ફોન નંબર ૬૩૫૯૬ ૨૫૭૦૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ભાયાવદર પોલીસે પીછો કરતા દારૂ ભરેલી કાર પુલ નીચે ખાબકી

## દોઢ લાખના ૨૦૪ બોટલ દારૂ સાથે બે ઝડપાયા : ત્રણ શખ્સોની શોધખોળ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભાયાવદર પોલીસે બાતમી આધારે એક કારને રોકતા ચાલકે ફુલ સ્પીડે ભગાડી મુકી હતી પરંતુ આગળ જતાં આ કાર પુલ નીચે ખાબકતા એકને ઈજા થઇ  હતી પોલીસે ૨૦૪ બોટલ દારૂ સાથે બે શખ્સોની ધરપકડ કરી ત્રણ શખ્સોની શોધખોળ હાથ ધરી છે. ભાયાવદર પોલીસે વોચ રાખી સાતવડી-પાનેલી રોડ પર બુટાવદર ચોકડી ખાતે કાર રોકવાનો પ્રયાસ કરતા બૂટલેગરોએ કારને ફૂલ સ્પીડમાં ભગાડી માંડાસણ ગામ તરફ વાળીને નાસી છુટતા પોલીસે ફિલ્મી ઢબે કારનો પીછો કર્યો હતો. બૂટલેગરોની કાર ફૂલ સ્પીડમાં હોવાથી પડવલા ગામના પાદર પાસે આવેલ નવા પુલની ડાબી બાજુ નીચે ખાબકી હતી. આ તકે પહોંચી ગયેલી પોલીસે બે શખ્સોને કારની બહાર કાઢતા તેમાંથી એક શખ્સ ઈજાગ્રસ્ત હાલતમાં હોવાથી સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો . કારની પાછળની સીટ અને ડેકીમાંથી ૨૦૪ બોટલ જેટલો વિદેશી દારૂનો જથ્થો નીકળતા પોલીસે રૂા. દોઢ લાખના દારૂ સહિત રૂપિયા. ૩,૧૭,૪૩૪/- લાખના મુદ્દામાલ સાથે રણજીત લીલાભાઈ ભુતિયા, અરજણ ઉર્ફે લાલો ઉર્ફે ભુરી એભાભાઈ ભારવડીયાને ઝડપી પૂછપરછ કરતા ભોલા દીપકભાઈ ખુંટી, અનિલ જેન્તીભાઈ જાદવ, વીરાભાઇ કરમુરના નામ આપતા પોલીસે ત્રણે આરોપીની શોધખોળ આદરી છે.

# હોમિયોપેથી મહિલા તબીબનો ફાંસો ખાઈને આપઘાત : કારણ અકબંધ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના નવા દોઢસો ફૂટ રિંગ રોડ પર એલીગન્સ એપાર્ટમેન્ટમાં રહેતા હોમિયોપેથીના ડોક્ટર માનસીબેન ભાવીનુભાઈ કનેરિયા ઉ.30એ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે આપઘાતનું કારણ જાણવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે માનસીબેને ગત બપોરના સમયે પોતાના ઘરે રૂમમાં ગળાફાંસો ખાઈ લીધો હતો. રૂમમાં તેની છ માસની પુત્રી રડતી હતી તે સાંભળી પતિ ભાવીનભાઈ રૂમમાં જતા પત્ની લટકતી હાલતમાં જોવા મળી હતી બનાવ અંગે જાણ થતા યુનિવર્સીટી પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો મૃતકના પતિ કારખાનું ધરાવે છે.

# મનપાના આસિ. ઈજનેર સાથે રૂપિયા 2.49 કરોડની છેતરપિંડી

## દંપતીએ જમીનના સોદા અને દલાલીમાં મોટો નફો અપાવવાની લાલચ આપી નાણા પડાવ્યાઃ ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ વિસ્તારમાં રહેતા અને રાજકોટ મહાનગરપાલિકામાં આસિસ્ટન્ટ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા કરણરાજસિંહ ઝાલાએ એક દંપતી સામે રૂ. ૨.૪૯ કરોડથી વધુની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ આરોપી આશિષ બાવાલાલ દેથરીયા અને તેની પત્ની દીપાબેને જમીનના સોદા અને દલાલીમાં મોટો નફો અપાવવાની લાલચ આપી વિશ્વાસ કેળવી ફરિયાદી અને તેમના પરિવાર પાસેથી કરોડો રૂપિયા પડાવ્યા હતા. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, કરણરાજસિંહની પત્ની કૃપાબા આત્મીય સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. ત્યાં તેમની ઓળખ દીપાબેન સાથે થઈ




હતી, જે બાદ બંને પરિવારો વચ્ચે ઘરોબો વધ્યો હતો. શરૂઆતમાં આરોપીઓએ રૂ. ૨૦ હજાર ઉછીના લઈને સમયસર પરત આપતા ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ વિવિધ બહાનાંસર મોટી રકમોની માંગણી શરૂ કરી હતી આરોપીઓએ અવધ વિસ્તારમાં આવેલી આશરે રૂ. ૧૧૦ કરોડ કિંમતની જમીનનો સોદો થવાનો હોવાનું જણાવી તેમાં રોકાણ કરવા સમજાવ્યા હતા. જમીન વેચાણ બાદ મળનારી દલાલીની રકમમાં ભાગ આપવાની લાલચ પણ આપી હતી. વિશ્વાસ વધારવા માટે જમીન બતાવવી, વિવિધ વ્યક્તિઓ સાથે ફોન પર વાત કરાવવી તેમજ બેંકની ખોટી સ્લિપ મોકલવા જેવા હથકંડા અપનાવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદીનો આક્ષેપ છે કે આરોપીઓના કહેવાથી તેમણે પોતાની બચત ઉપરાંત સંબંધીઓ અને મિત્રોથી ઉછીના રૂપિયા લીધા, બેંક લોન લીધી, ક્રેડિટ કાર્ડમાંથી રકમ ઉપાડી તેમજ સોનાના દાગીના ગીરવે મૂકી અને વેચીને કુલ રૂ. ૨,૪૯,૭૦,૧૦૧ વિવિધ ખાતાઓ અને વ્યક્તિઓને ટ્રાન્સફર કર્યા હતા.

તપાસ કરતાં ફરિયાદીને જાણવા મળ્યું કે, જમીનના માલિક, ખરીદદાર અને અન્ય મધ્યસ્થી તરીકે ઓળખાવવામાં આવેલા કેટલાક નામો અને ઓળખ ખોટી હતી. મોબાઈલ નંબરો પણ આરોપીઓ અથવા તેમના ઓળખીતાઓના નામે નોંધાયેલા હોવાનું બહાર આવ્યું હતું. આરોપીઓએ ખોટી ઓળખ ધારણ કરીને જમીન માલિક, ખરીદદાર અને દલાલ તરીકે વાતચીત કરી સમગ્ર કાવતરું રચ્યું હોવાનો આરોપ છે આ મામલે કરણરાજસિંહ ઝાલાની ફરિયાદના આધારે પોલીસે આશિષ દેથરીયા, દીપાબેન દેથરીયા તથા તપાસ દરમિયાન સંડોવણી ખુલશે તેવા અન્ય શખ્સો સામે છેતરપિંડી, વિશ્વાસઘાત અને ગુનાહિત કાવતરાની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# 11 વર્ષની બાળકી સાથે ઢગાએ કર્યા અડપલાં

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ ઉપર ભગતસિંહ ગાર્ડન પાછળ હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતા રવિ ટેલાણી નામના શખ્સે ૧૧ વર્ષની બાળકી સાથે અડપલાં કર્યાનો ચોંકાવનારો કિસ્સો પોલીસ ચોપડે નોંધાયો છે યુનિવર્સીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ભોગ બનનાર બાળકીને ગઈ તા.૮ના રોજ મોડી સાંજે આરોપીએ કામ છે તેમ કહીં પોતાની પાસે બોલાવ્યા બાદ તેના ગળાના ભાગે હાથ રાખી બીજા હાથ વડે તેના શરીર સાથે અડપલા કર્યા હતા. ગભરાઈ ગયેલી બાળકીએ ઘરે જઈ વાલીઓને વાત કરી હતી આખરે ગઇકાલે રાત્રે ભોગ બનનાર બાળકીની માતાએ યુનિવર્સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો આરોપી રખડતો-ભટકતો રહે છે. તેને સકંજામાં લેવા પોલીસે તજવીજ શરૂ કરી છે.

# પેકેજીંગ હબના નામે બોગસ ઈન્સ્ટા આઈડી બનાવી છેતરપિંડી

## અજાણ્યા શખ્સો સામે આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ નોંધાતો ગુનો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના આનંદ નગર મેઈન રોડ પર અમૃત પાર્ક શેરી નં.૦૧ માં રહેતાં હીતેશભાઈ છગનભાઈ કાકડીયા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અલગ અલગ ઈન્સ્ટાગ્રામ આઈડી અને રાજકોટ નાગરિક બેંકના બેંક એકાઉન્ટ ધારક સહિતના અજાણ્યા શખ્સોના નામ આપતાં સાઈબર ક્રાઇમ પોલીસે આઈટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પેકેજીંગ હબના નામે મીરા ઉધોગ ઇન્ડસ્ટ્રીઝ, શેરી નં.૦૬, આજી નદીના પુલ પાસે છેલ્લા ચાર વર્ષથી પેકેજીંગ બોક્સનો વેપાર કરે છે. વર્ષ ૨૦૨૧ થી ધંધાની ઓનલાઇન જાહેરાત કરવા માટે ઈન્સ્ટાગ્રામ આઈડી packaginghub૧ બનાવેલ છે પરંતુ છેલ્લા એકાદ વર્ષથી કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા આ ઈન્સ્ટાગ્રામ આઈડીને મળતા આવતા નામથી ખોટા ઈન્સ્ટાગ્રામ આઈડી એકાઉન્ટ બનાવી તેમાં ફરીયાદીનાં ધંધાના નામ પેકેજીંગ હબ ધંધાનો જીએસટી નંબર તથા ધંધાના સરનામાનો ઉપયોગ કરી લોકો સાથે ઓનલાઇન વ્યવહાર કરવામાં આવે છે ગઈ તા.૦૬/૦૩ ના રોજ તેઓને એક ભોગ બનનાર વ્યક્તિનો ફોન આવેલ હતો. જેમણે રૂ.૨,૪૦૦ ના બોક્સ મંગાવેલ હતા અને તેઓએ મોકલેલ બિલ ઈનવોઈસમાં ધંધાના જીએસટી નંબર તથા સરનામાનો ઉપયોગ થયેલ હતો બાદમાં તેઓએ જણાવેલ કે, તેમણે ઈન્સ્ટાગ્રામ આઈડી packaging૮ મારફતે વાતચીત કરી માલ મંગાવેલ હતો તથા જણાવેલ ચછ કોડ અને રાજકોટ નાગરિક બેંક ખાતા નંબરમાં રકમ ટ્રાન્સફર કરેલ હતી, પરંતુ માલ સામાન મળેલ ન હતો તેમજ અગાઉ પણ દિલ્લીના રહેવાસી ગુરપ્રીત કૌર, એક અન્ય વ્યક્તિ, નવસારીના રહેવાસી વૈભવ ચોપરા તથા સહારંપુર શહેરની આશના ગર્ગ સહિત અલગ અલગ વ્યક્તિઓ દ્વારા ફોન આવેલ હતા અને તેઓએ ઈન્સ્ટાગ્રામ આઈડી packaging_all_box, real_packaging, unique_packaging માં માલ ખરીદી કરી પેમેન્ટ કર્યા બાદ માલ સામાન ન મળતા મને સંપર્ક કર્યો હતો. આ બાબતે ભોગ બનનાર મેહના ઈબ્રાહીમ સહિતના ભોગ બનનારાઓ દ્વારા સાયબર ક્રાઈમમાં અરજી કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.

### બગસરાના ઘંટીયાણ ગામે સિંહણનો આતંક

# વાડી વિસ્તારમાંથી 6 વર્ષના બાળકને ઢસડી ફાડી ખાધો

## પરપ્રાંતીય શ્રમિક પરિવારના માસુમ બાળકનું કરુણ મોતઃ પરિવારમાં શોક

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા**





અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓ દ્વારા માનવ વસ્તી પર હુમલાની ઘટનાઓ દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે બગસરા તાલુકાના ઘંટીયાણ ગામે ગતરાતે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીંના વાડી વિસ્તારમાં રહેતા એક પરપ્રાંતીય શ્રમિક પરિવારના આશરે ૬ વર્ષના માસૂમ બાળક દિનેશ પર એક સિંહણે જીવલેણ હુમલો કર્યો હતો. સિંહણ આ માસૂમ બાળકને શિકાર બનાવી વાડીમાંથી આશરે એક કિલોમીટર દૂર ઢસડી ગઈ હતી. આ ભયાનક હુમલામાં ગંભીર ઈજાઓ થવાના કારણે નિર્દોષ બાળકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. વન વિભાગ દ્વારા બાળકના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ વાડી વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર બગસરા તથા આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી વન્ય પ્રાણીઓના હુમલાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. લોકો હવે ખેતરોમાં જતા પણ ડરી રહ્યા છે. સ્થાનિકોએ વન વિભાગ સમક્ષ ઉગ્ર માંગ કરી છે કે, માનવ વસ્તી અને વાડી વિસ્તારોમાં સિંહોની અવરજવર અટકાવવામાં આવે અને રાત્રિના સમયે વન વિભાગનું પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે અને ભયના ઓથાર હેઠળ જીવતા લોકોની સુરક્ષા માટે તાત્કાલિક કડક પગલાં ભરવામાં આવે તેવી માંગ કરી છે. આ શ્રમિકના માસુમ બાળકના મોતને લઈ પરિવાર પર આભ તુટી પડ્યું છે.

### ઘરેથી નીકળ્યા બાદ ભગવતીપરાનાં વૃદ્ધ બેભાન હાલતમાં મળ્યાઃ બીમારી કારણભૂત હોવાની શંકા

# સરધાર દરગાહ પાસે ઝેરી દવા પી લેતા વૃદ્ધનુ મોત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ભગવતીપરામાં રહેતાં દાઉદી વ્હોરા વૃધ્ધે સરધાર ગામે આવેલી વ્હોરા સમાજની દરગાહ ખાતે ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો છે હાથ-પગના દુખાવાથી કંટાળી આ પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.જાણવા મળ્યા મુજબ ભગવતીપરામાં રહેતાં બદરૂદ્દીનભાઇ અબ્દુલહુશેનભાઇ લક્ષ્મીધર ઉ.૭૮ નામના વૃધ્ધ ગત તા.૫ના રોજ સવારે ઘરેથી નીકળ્યા બાદ ગાયબ થઈ જતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. એ દરમિયાન સાંજે સરધારમાં આવેલી દાઉદી વ્હોરા સમાજની દરગાહ ખાતેથી તેઓ બેભાન જેવી હાલતમાં મળી આવતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં જ્યાં તપાસ કરતાં તેમણે ઝેર પીધાનું ખુલતાં સારવાર કરવામાં આવી હતી અહિ સારવાર લીધા બાદ ઘરે લઇ જવાયા હતાં ગઇકાલે સાંજે તબીયત ફરી બગડતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ રાત્રે મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે આજી ડેમ પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી આપઘાત કરનાર બદરૂદ્દીનભાઇ પાંચ ભાઇ અને પાંચ બહેનમાં આઠમા નંબરે હતાં. સંતાનમાં બે દિકરા છે. પોતે રેલનગરમાં સ્ટવ રીપેરીંગનું કામ કરતાં હતાં. હાથ-પગના દુખાવાની બિમારીથી કંટાળીને આ પગલુ ભરી લીધું હોવાની શક્યતા પરિવારે વ્યક્ત કરી છે.

# ભાયાવદરની ત્રણ સગી બહેનો સહિત ચાર કિશોરી ઘરેથી લાપતા થઈ

### વાલીઓએ આપેલો ઠપકો કારણભૂતઃ રાજકોટ આવતી બસમાંથી મળી આવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભાયાવદરના સાજડિયાળી ગામેથી ત્રણ સગી બહેનો સહિત ચાર કિશોરી લાપત્તા બની જતાં દોડધામ મચી ગઈ હતી. આખરે આ ચારેય કિશોરીને પોલીસે એસટી બસમાંથી શોધી કાઢી હતી ચારેય હેમખેમ મળી આવતા પોલીસ અને પરિવારે હાશકારો અનુભવ્યો હતો.ત્રણ સગી બહેનોમાંથી કોઈને કામ, બાબતે વાલીએ ઠપકો આપતાં લાગી આવતાં પોતાની એક બહેનપણી સાથે ગઈકાલે વહેલી સવારે ઘરેથી નીકળી ગઈ હતી. વાલીઓએ જાણ કરતાં ભાયાવદર પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી એલસીબીને પણ તપાસમાં જોડવામાં આવી હતી. સીસીટીવી આધારે કરાયેલી તપાસમાં ચારેય કિશોરી ગામમાંથી એક બસમાં બેસી ઉપલેટા પહોંચી હતી. જયાંથી રાજકોટની બસમાં બેસી ગઈ હતી.જેથી તેના ફોટાઓ પોલીસે ગ્રુપમાં મુકાવ્યા હતા. આખરે જે બસમાં બેઠી હતી તેના કંડકટરે પોતાની બસમાં હોવાની જાણ કરતાં પોલીસને હાશકારો થયો હતો.

# રાજકોટમાં પાણીકાપ સામે લોક સંસદ વિચાર મંચનો આક્રોશ

## મેયરના વોર્ડ સહિત વોર્ડ નં.13માં પાણીકાપથી લોકો પરેશાન; એક્સપ્રેસ ફીડર લાઈન યોજના નિષ્ફળ ગઈ હોવાનો આક્ષેપ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વારંવાર થતા પાણીકાપ સામે લોક સંસદ વિચાર મંચે તંત્ર અને શાસકો પર આકરા પ્રહારો કર્યા છે. મંચના આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે મેયરના વોર્ડ નંબર-૭ સહિત વોર્ડ નંબર-૧૩માં પણ પાણીકાપ મૂકવામાં આવતા શહેરીજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

લોક સંસદ વિચાર મંચના મોભી તથા વોર્ડ નં. ૩ના પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, નાગજીભાઈ વિરાણી, પૂર્વ ફૌજી નટુભા ઝાલા અને જેન્તીભાઈ હિરપરાની સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે રાજકોટમાં ૨૪ કલાક અને અડધી કલાક પૂરતા દબાણ સાથે પાણી આપવાના શાસકોના દાવા સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયા છે. હાલ અનેક વિસ્તારોમાં લોકોને રોજના ૨૦ મિનિટ પણ પૂરતું પાણી મળતું નથી.

યાદીમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન અમલમાં મુકાયેલ ૨૪x૭ પાણી પુરવઠાનો પાયલોટ પ્રોજેક્ટ નિષ્ફળ ગયો હતો. ત્યારબાદ પણ ચૂંટણી સમયે શાસકોએ શહેરને અડધી કલાક પૂરતા ફોર્સ સાથે પાણી આપવાના વચનો આપ્યા હતા, પરંતુ તે વચનોનું પણ બાળમરણ થયું હોવાનું મંચે જણાવ્યું છે.

મંચના આગેવાનોએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં પાણીની તંગી હોવા છતાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વરસાદી પાણીના સંગ્રહ






અને વોટર હાર્વેસ્ટિંગ માટે કોઈ અસરકારક આયોજન કરવામાં આવ્યું નથી. જેના કારણે ચોમાસામાં વરસાદી પાણીનો યોગ્ય સંગ્રહ થવાને બદલે વ્યર્થ વહી જાય છે અને ઉનાળામાં નાગરિકોને પાણી માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.આક્ષેપ કરવામાં આવ્યો છે કે પાણીના ટાંકા સાફ કરવાની કામગીરી, લાઈન રિપેરિંગ, મેઈન્ટેનન્સ, વીજ ફોલ્ટ, નર્મદાનું અપૂરતું પાણી સહિતના વિવિધ કારણો દર્શાવી વારંવાર પાણીકાપ મૂકવામાં આવે છે. અગાઉ જાહેર કરાયેલી એક્સપ્રેસ ફીડર લાઈન યોજના અંતર્ગત અન્ય ઝોનમાંથી પાણી પૂરું પાડવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ હાલ આ યોજના સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ હોવાનું મંચે જણાવ્યું છે. લોક સંસદ વિચાર મંચે વધુમાં જણાવ્યું છે કે શહેરના અનેક વિસ્તારોમાં વર્ષોથી ગંદા, દુર્ગંધયુક્ત અને ડહોળા પાણીના વિતરણની ફરિયાદો સતત ઉઠી રહી છે. જેના કારણે નાગરિકોમાં પાણીજન્ય અને ચામડીના રોગો ફેલાવાની ભીતિ વધી રહી છે. તેમ છતાં તંત્ર અને જવાબદાર પદાધિકારીઓ દ્વારા સમસ્યાના કાયમી ઉકેલ માટે કોઈ અસરકારક પગલાં લેવામાં આવતા નથી.



# વિજયભાઈ રૂપાણીને પ્રથમ પુણ્યતિથિએ ભાવાંજલિ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ થયેલી વિમાન દુર્ઘટનામાં તેમના નિધનને એક વર્ષ પૂર્ણ થતાં તેમના સેવાકીય, વિકાસલક્ષી અને માનવતાવાદી કાર્યોનું સ્મરણ કરવામાં આવ્યું હતું. આધુનિક રાજકોટના શિલ્પી અને સંવેદનશીલ નેતા તરીકે ઓળખાતા વિજયભાઈ રૂપાણીએ જાહેરજીવનમાં આપેલા યોગદાનને યાદ કરી તેમને ભાવાંજલિ અપાઈ હતી. સાથે જ આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા તમામ લોકોને પણ શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

## વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે રક્તદાન માટે અપીલ

# ‘One Drop of Humanity, Give Blood Save Lives’ થીમ સાથે જાગૃતિ અભિયાન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિશ્વ રક્તદાતા દિવસ દર વર્ષે ૧૪ જૂને ઉજવવામાં આવે છે. રક્તદાનના મહત્વ અંગે જાગૃતિ લાવવા અને સ્વૈચ્છિક રક્તદાતાઓનો આભાર વ્યક્ત કરવા માટે ઉજવાતા આ દિવસ નિમિત્તે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશને વધુમાં વધુ લોકોને રક્તદાન કરવા અપીલ કરી છે. આ વર્ષે વિશ્વ રક્તદાતા દિવસની વૈશ્વિક થીમ "One Drop of Humanity. Give Blood. Save Lives." (માનવતાનું એક ટીપું. રક્ત આપો, જીવન બચાવો.) નક્કી કરવામાં આવી છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ જણાવ્યું હતું કે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા વર્ષ ૨૦૦૫થી ૧૪ જૂનને વિશ્વ રક્તદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઓસ્ટ્રિયન વૈજ્ઞાનિક ડૉ. કાર્લ લેન્ડસ્ટેઈનરના જન્મદિવસ નિમિત્તે ઉજવાય છે. તેમણે વર્ષ ૧૯૦૦માં ABO બ્લડ ગ્રુપ સિસ્ટમની શોધ કરી હતી, જેના કારણે રક્તસંચાર ક્ષેત્રે ક્રાંતિ આવી હતી.ગુજરાતમાં રક્તની અછતને પહોંચી વળવા માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા વિવિધ હોસ્પિટલો અને સંસ્થાઓના સહયોગથી નિયમિત



રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવે છે. ફાઉન્ડેશન દ્વારા પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ સહિત વિવિધ સ્થળોએ રક્તદાન કેમ્પ યોજીને વધુને વધુ લોકોને આ સેવાકાર્ય સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. અભિયાનનો મુખ્ય હેતુ સ્વૈચ્છિક અને નિશુલ્ક રક્તદાનને પ્રોત્સાહન આપવાનો, નવી પેઢીને રક્તદાન માટે પ્રેરિત કરવાનો તથા સુરક્ષિત રક્તસેવા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો છે.

## ગુજરાતમાં રક્તની અછત દૂર કરવા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન સક્રિય

વિનય જસાણીએ લોકોને જન્મદિવસ, પુણ્યતિથિ, સ્મૃતિદિન અને અન્ય પ્રસંગોએ રક્તદાન શિબિરોનું આયોજન કરવા પણ અપીલ કરી છે. સાથે જ રક્તદાન, ચક્ષુદાન, અંગદાન, સ્કિનદાન તથા અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનનો સંપર્ક કરવા જણાવ્યું છે.



# દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળ ટોકન દરે નોટબુક વિતરણ કરશે

## 1200થી વધુ વિદ્યાર્થીઓને મળશે લાભ; વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ માટે માર્કશીટ નોંધણી પણ હાથ ધરાશે





## 14 જૂને આનંદનગર ખાતે કાર્યક્રમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળ, રાજકોટ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૮ વાગ્યાથી આનંદનગર સ્થિત પૂ. શ્રી રણીછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલ ખાતે યોજાશે.

મંડળ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ દશનામ ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓને ટોકન દરે રૂ.૧૦૦માં ૧૦ નોટબુક આપવામાં આવશે. ઉપરાંત આગામી વિદ્યાર્થી સન્માન સમારોહની તૈયારીના ભાગરૂપે વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાની અને જરૂરી દસ્તાવેજો એકત્ર કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

વિદ્યાર્થીઓને ફોર્મ ભરતી વખતે પોતાની માર્કશીટની ઝેરોક્સ નકલ તેમજ ઓરિજિનલ માર્કશીટ સાથે લાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. યુવક મંડળના કાર્યકરો દ્વારા નોંધણી અને ચકાસણીની કામગીરી કરવામાં આવશે.

આ વર્ષે અંદાજે ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આયોજકોના જણાવ્યા મુજબ આ વખતે નોટબુક વિતરણ કાર્યક્રમમાં સોમનાથ મંદિરના પુનનિર્માણના ૭૫ વર્ષની ઉજવણીને કેન્દ્રમાં રાખી વિશેષ થીમ અપનાવવામાં આવી છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના અનેક દાતાશ્રીઓએ સહયોગ આપ્યો છે. જેમાં પ્રેમગિરિ દેવાગિરિ, પ્રફુલગિરિ ત્રિભુવનગિરિ, નિલેશપુરી શિવપુરી, અરવિંદગિરિ પ્રભાતગિરિ, પ્રવિણભારથી ધરમભારથી, પ્રમોદપુરી મોહનપુરી, રામદેવપુરી અશોકપુરી સહિતના દાતાઓનો સમાવેશ થાય છે.દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળના પ્રમુખ પ્રવિણભારથી ડી. ગોસ્વામી, મહામંત્રી ભુપતપુરી એમ. ગોસાઈ, ઉપપ્રમુખ દીપકગિરિ બી. ગોસાઈ, અધ્યક્ષ પ્રફુલગિરિ ટી. ગોસ્વામી સહિતના હોદ્દેદારોએ સમાજના તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# નવનિર્મિત સાંઢિયા પુલના લોકાર્પણ પૂર્વે મનપા દ્વારા હેપી સ્ટ્રીટનું આયોજન

» લોકાર્પણ પૂર્વે શહેરવાસીઓ માટે રમતગમત, મનોરંજન અને લાઈટિંગનો કાર્યક્રમ : આવતીકાલે ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીના હસ્તે ઓવરબ્રિજનું લોકાર્પણ




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જામનગર રોડ પર રૂ.૭૪.૩૨ કરોડના ખર્ચે નિર્મિત સાંઢિયા પુલના લોકાર્પણ પૂર્વે આજે તા. ૧૨ જૂને રાત્રે ૯ વાગ્યે હેપી સ્ટ્રીટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એરપોર્ટ ગાર્ડન સામે આવેલા નવનિર્મિત સાંઢિયા પુલ પર યોજાનાર આ કાર્યક્રમમાં શહેરવાસીઓ માટે વિવિધ રમતગમત અને મનોરંજન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા ડો. હિરેનભાઈ ખીમાણિયા તથા દંડક સંજયસિંહ રાણાએ સંયુક્ત અખબારી યાદીમાં આ માહિતી આપી હતી.

મનપાના જણાવ્યા મુજબ આવતીકાલે તા. ૧૩ જૂને સવારે ૧૦ વાગ્યે ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે સાંઢિયા પુલનું લોકાર્પણ કરવામાં આવશે. તે પહેલાં શહેરના નાગરિકો નવા ઓવરબ્રિજની મુલાકાત લઈ શકે તે હેતુથી હેપી સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ દરમિયાન લીંબુ-ચમચી, રસ્સાખેંચ, કોથળા દોડ, દોરડા કૂદ, લૂડો, સાપસીડી, હોપ્સકોચ, પઝલ, ડ્રોઈંગ, ઝુમ્બા અને ગરબા સહિતની વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે. ઉપરાંત પુલ પર કરવામાં આવેલી વિશેષ લાઈટિંગ પણ મુખ્ય આકર્ષણ રહેશે.

મનપા દ્વારા જણાવાયું છે કે બાળકો, યુવાનો, મહિલાઓ અને વડીલો સહિત તમામ વયજૂથના નાગરિકો માટે આ કાર્યક્રમ ખુલ્લો રહેશે. શહેરના વિકાસના નવા પ્રતીક સમાન સાંઢિયા પુલની ઝગમગાટ વચ્ચે પરિવાર સાથે આનંદની ક્ષણો માણી શકાય તે હેતુથી આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકાએ શહેરના નાગરિકોને પરિવારજનો અને મિત્રો સાથે હેપી સ્ટ્રીટ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આ અવસરને ઉત્સવરૂપે ઉજવવા આમંત્રણ પાઠવ્યું છે.

# રઘુવંશી તરંગ લેડીઝ કલબનો પ્રતિભા સન્માન સમારોહ

## નર્સરીથી ધોરણ 12ના તમામ જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું કરાશે સન્માન

» 14 જૂને કોટક સભા ગૃહ ખાતે ધારાસભ્ય અને મેયરની ઉપસ્થિતિમાં યોજાશે કાર્યક્રમ

» વિદ્યાર્થીઓને રેન્ક મુજબ શિલ્ડ અને આકર્ષક ગિફ્ટ આપીને પ્રોત્સાહિત કરાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રઘુવંશી તરંગ લેડીઝ કલબ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળકોને પ્રોત્સાહિત કરવા માટે 'પ્રતિભા સન્માન સમારંભ ૨૦૨૬' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૧૪ જૂન ૨૦૨૬ ના રોજ ચૌધરી હાઈસ્કુલ ખાતે આવેલા કોટક સભા ગૃહમાં આ પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાશે. જેમાં કોઈપણ ભેદભાવ વિના દરેક જ્ઞાતિના નર્સરીથી લઈને ૧૨ મા ધોરણ સુધીના તેજસ્વી બાળકોને સન્માનિત કરવામાં આવશે.

શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર બાળકોનો ઉત્સાહ વધારવા માટે સંસ્થા દ્વારા સુંદર મજાના તેમના રેન્ક સાથેના શિલ્ડ તેમજ અવનવી ગિફ્ટ પુરસ્કાર રૂપે આપીને બિરદાવવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા તેમજ બાળકોને આશીર્વાદ આપવા માટે ચીફ ગેસ્ટ તરીકે રાજકોટ વિધાનસભા ૬૯ ના ધારાસભ્ય ડો. દર્શિતા શાહ, નવનિયુક્ત મેયર નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષા વસાણી અને રઘુવંશી અગ્રણી કાશ્મીરા નથવાણી ખાસ ઉપસ્થિત રહેશે.




બાળકોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપતા આ પ્રતિભા સન્માન સમારંભને સફળ બનાવવા માટે રઘુવંશી તરંગ લેડીઝ કલબના મુખ્ય સંચાલક બીના રઘુવંશી તેમજ કમિટી મેમ્બર રશ્મી કોટક, બીના સોની, એડવોકેટ હેમલતા ગુપ્તા અને વર્ષાબા જાડેજા સહિતની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે.

# મદનમોહન પ્રભુની હવેલીમાં શરદમાં મુક્તા વિત્તાન મનોરથનું આયોજન

## વૃંદાવનધામની આબેહૂબ રચના અને મોતીની ભવ્ય સજાવટ સાથે વૈષ્ણવોને મળશે અલૌકિક દર્શનનો લાભ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના લક્ષ્મીવાડી મેઈન રોડ પર આવેલી શ્રી મદનમોહન પ્રભુની હવેલી ખાતે તા. ૧૩ જૂન, શનિવારના રોજ અધિમ જેઠ વદ તેરસ નિમિત્તે શરદમાં મુક્તા વિત્તાનના ભવ્ય મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વિશેષ મનોરથ અંતર્ગત હવેલીમાં આબેહૂબ વૃંદાવનધામનું નિર્માણ કરવામાં આવશે તેમજ મોતીની આકર્ષક અને અલૌકિક સજાવટ કરવામાં આવશે. આયોજકોના જણાવ્યા અનુસાર, દર્શનાર્થીઓને વ્રજભૂમિની રાસલીલાની અનુભૂતિ કરાવવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો છે.

મનોરથ દરમિયાન હવેલી પરિસરમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે વૈષ્ણવોને અલૌકિક દર્શનનો લાભ મળશે. દર્શનની વ્યવસ્થામાં કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે માટે વૃજધામ ગ્રુપ અને સજાવટ ગ્રુપ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રસ્ટી ગોવિંદભાઈ દાવડાએ જણાવ્યું હતું કે, શરદમાં મુક્તા વિત્તાન મનોરથના દર્શન માટે વૈષ્ણવજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે. દર્શનનો સમય રાત્રે શયન દર્શન દરમિયાન સાંજે ૯ વાગ્યે રાખવામાં આવ્યો છે.

આ આયોજનને સફળ બનાવવા માટે કેતનભાઈ આડેસરા, અશ્વિનભાઈ વડગામા, નવીનભાઈ ચંદે, પિયુષભાઈ અઘેરા સહિતના સેવાભાવી આગેવાનો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.



### રાજકોટના પોશ રૈયા વિસ્તારમાં આવેલી જમીનનો મામલો

# સહહિસ્સેદારની સંમતિ વિના અવિભાજ્ય હિસ્સાના વેચાણની નોંધ મંજૂર

**» વારસદારે ૧૬.૯૯ ટકા અવિભાજ્ય હિસ્સો વેચતા અન્ય વારસદારોએ ઉઠાવ્યો હતો વાંધો**

**» રેવન્યુ ઓથોરિટીને માલિકી નક્કી કરવાનો અધિકાર ન હોવાનું નોંધી પ્રાંત અધિકારીનો ચુકાદો**



એડવોકેટ



એડવોકેટ



એડવોકેટ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ તાલુકાના રૈયા ગામના પોશ વિસ્તારમાં આવેલી કિંમતી ખેતીની જમીનના અવિભાજ્ય હિસ્સાના વેચાણ સંબંધિત રેવન્યુ નોંધ મામલે રાજકોટ સીટી પ્રાંત-૧ અધિકારી દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. પ્રાંત અધિકારીએ સ્પષ્ટ કર્યું છે કે સક્ષમ કોર્ટ દ્વારા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરવામાં ન આવે ત્યાં સુધી તેનો કાયદેસર અસ્તિત્વ સ્વીકારવું પડે અને તેને નલ એન્ડ વોઇડ ગણી શકાય નહીં.

આ અંગે ખરીદનાર પક્ષના વકીલ પરેશ એન. કુકડીયાએ જણાવ્યું હતું કે માત્ર વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરવાથી વેચાણ વ્યવહાર આપોઆપ અમાન્ય બની જતો નથી અને વાંધેદારોને તેનાથી કોઈ તાત્કાલિક રાહત મળી શકતી નથી.

કેસની વિગતો મુજબ, રૈયા ગામમાં આશરે ૩ એકર ૩૪ ગુંઠા ખેતીની જમીનના મૂળ માલિક હર્ષદરાય બચુલાલ તન્નાના અવસાન બાદ તેમના કાયદેસર વારસદારોના નામે વારસાઈ નોંધ દાખલ થઈ હતી. બાદમાં સહવારસદાર દીપાબેન હર્ષદરાય તન્નાએ પોતાના હિસ્સામાં આવતો ૧૬.૯૯ ટકા અવિભાજ્ય હિસ્સો આયુષ કમલેશભાઈ રામાણી અને ગોપાલ ગણેશભાઈ પટેલને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ કર્યો હતો.

આ વેચાણના આધારે રેવન્યુ રેકોર્ડમાં નોંધ દાખલ કરવામાં આવી હતી, પરંતુ અન્ય સહહિસ્સેદારો દ્વારા આ નોંધ સામે વાંધા ઉઠાવી પ્રાંત અધિકારી સમક્ષ તકરાર દાખલ કરવામાં આવી હતી. વાંધેદારો દ્વારા જમીન વારસાઈ અને વડીલોપાર્જિત હોવાનું, સહહિસ્સેદારોની મંજૂરી લેવામાં ન આવી હોવાનું, કોર્ટમાં વિવાદ પેન્ડિંગ હોવાનું તેમજ ટુકડા ધારાનો ભંગ થતો હોવાના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા.

ખરીદનાર પક્ષના વકીલ પરેશ એન. કુકડીયા, પરેશ ઠાકર અને પાર્થ કોટક દ્વારા દલીલ કરવામાં આવી હતી કે વેચાણ અવિભાજ્ય હિસ્સાનું કરવામાં આવ્યું હોવાથી ટુકડા ધારાનો કોઈ ભંગ થતો નથી. ઉપરાંત વેચાણકર્તાએ પોતાની મરજીથી અને કાયદેસર વળતર મેળવીને વેચાણ કર્યું છે. સહહિસ્સેદારોની સંમતિ મેળવવી કાયદાકીય રીતે ફરજિયાત નથી. આ સાથે વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ અને સરકારના પરિપત્રોનો પણ આધાર રજૂ કરવામાં આવ્યો હતો.

દલીલો અને રજૂઆતોને ધ્યાને લઈને રાજકોટ સીટી પ્રાંત-૧ અધિકારીએ નોંધ્યું હતું કે રેવન્યુ સત્તાધિકારીઓનો કાર્યક્ષેત્ર માત્ર હક્કપત્રક અદ્યતન રાખવાનો છે. માલિકી હક્ક કે મિલ્કત વિવાદનો અંતિમ નિર્ણય કરવાનો અધિકાર સિવિલ કોર્ટને છે. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમાન્ય ઠરાવતો કોઈ કોર્ટ આદેશ ઉપલબ્ધ ન હોવાથી તેના આધારે દાખલ થયેલી અવિભાજ્ય હિસ્સાની નોંધને મંજૂરી આપવાનો હુકમ કરવામાં આવ્યો છે.

ઉપરોકત કેસમાં વતી જમીન ખરીદનારાઓ વતી રાજકોટના ખ્યાતનામ એડવોકેટ પરેશ એન.કુકડીયા, પરેશ ઠાકર, જયદીપ કુકડીયા, મિહીર કુકડીયા, પાર્થ કોટક, અનિમેષ ચૌહાણ, સુહેલ પઠાણ, રવિરાજ ગોહેલ વિશાલ જોગરાણા, જયદીપ ખાચર, ખુશી પટેલ રોકાયેલ હતા.

# યુવા લોયર્સ એશો.ના પ્રમુખ કિરીટ નકુમનો આજે જન્મદિવસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

તેજ, તાકાત અને તરવરાટનો સમન્વય એવા રાજકોટના યુવા એડવોકેટ કિરીટ નકુમ નો આજે તા. ૧૨ જુન ના રોજ જન્મ દિવસ છે. સંસ્કારી અને સેવાભાવી કુટુંબમાંથી! આવતા અને નાનપણથીજ રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા અને રાજકોટની અનેક સામાજીક, શૈક્ષણીક, ધાર્મીક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. નીષ્ઠાવાન અને પ્રતીષ્ઠાવાન વ્યકિત તરીકે પોતાના મીલાનુસાર સ્વભાવના કારણે ખુબ જ લોકચાહના અને બહોળું મત્રવર્તુળ ધરાવે છે. અને વિધાર્થી સહાય માટે હંમેશા તત્પર રહે છે.

યુવા લોયર્સ એશોસીએશન,



રાજકોટના પ્રમુખ કિરીટ નકુમ એડવોકેટ અને નોટરી (ભારત સરકાર) પોતાના મંગલમય જીવનમાં આનંદઉમંગઉત્સાહ સાથે નવા વર્ષમાં પ્રવેશ કરી| રહયા છે ત્યારે વિશાળ મીત્ર વર્તુળ, સગાસ્નેહીજનોવડીલો તરફથી મોબાઈલ નંબર 98248 89939 પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.



# કમળ સિમેન્ટ અને હાઈ-બોન્ડ સિમેન્ટનું સંયુક્ત ડીલર સંમેલનનું ભવ્ય આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ ખાતે તા. ૧૧-૦૬-૨૦૨૬ના રોજ કમળ સિમેન્ટ અને હાઈ-બોન્ડ સિમેન્ટના સંયુક્ત ઉપક્રમે "શક્તિ સંગમ" (ડીલર સંમેલન) નું આર.પી.જે. હોટેલમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લાના તમામ ડીલરો તેમજ અન્ય આમંત્રિત વેપારીઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન કમળ સિમેન્ટ અને હાઈ-બોન્ડ સિમેન્ટના મુખ્ય અધિકારીઓએ કંપનીની વિકાસયાત્રા, ગુણવત્તાયુક્ત ઉત્પાદનો અને ભાવિ આયોજન અંગે વિગતવાર માહિતી આપી હતી.

ખાસ કરીને કીર્તીભાઈ સાંગાણી (સેલ્સ-હેડ) દ્વારા તેમજ અન્ય સિનિયર ટેકનિકલ અધિકારીઓ દ્વારા ડીલરોને ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત બંને કંપનીઓના સંયુક્ત જોડાણથી આગામી દિવસોમાં હાંસલ કરવાના લક્ષ્યો અને બજારમાં વધુ મજબૂત ઉપસ્થિતિ અંગેનું વિઝન રજૂ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ડીલરો સાથે વિચારોની આપ-લે, વ્યવસાયિક ચર્ચાઓ અને ભવિષ્યની વ્યૂહરચના અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# રાજકોટ ક્લેઈમ બાર એસોસિએશનની ચૂંટણીમાં નિકુંજ શુક્લાની ટીમ વિજેતા

## કોઈ પ્રતિસ્પર્ધી ઉમેદવારી ન નોંધાતા પ્રમુખથી કારોબારી સુધી તમામ હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા; વકીલોમાં આનંદની લાગણી



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર ક્લેઈમ બાર એસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ માટેની ચૂંટણીમાં પ્રમુખ નિકુંજ શુક્લાની આગેવાની હેઠળની સમગ્ર પેનલ બિનહરીફ ચૂંટાઈ આવી છે. તા. ૧૧ જૂન સુધી ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થતાં તમામ હોદ્દાઓ માટે ઉમેદવારી નોંધાઈ હતી, પરંતુ કોઈપણ ઉમેદવાર દ્વારા પ્રતિસ્પર્ધી ઉમેદવારી પત્ર દાખલ કરવામાં ન આવતા તમામ ઉમેદવારોને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

માહિતી મુજબ, ક્લેમ બાર એસોસિએશનના આગામી કાર્યકાળ માટે પ્રમુખ નિકુંજ શુક્લાની ટીમે મજબૂત પેનલ જાહેર કરી હતી. આ અંગે આર.બી.આઈ.ના પ્રમુખ સુમિત વોરા, પૂર્વ પ્રમુખ પરેશ મારુ તથા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય દિલીપ પટેલ સહિતના આગેવાનો સાથે ચર્ચા-વિચારણા બાદ પેનલ નક્કી કરવામાં આવી હતી.

બિનહરીફ ચૂંટાયેલા હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે નિકુંજ શુક્લા, ઉપપ્રમુખ તરીકે રક્ષાબેન ઉપાધ્યાય, સેક્રેટરી તરીકે પ્રિયાંક ભટ્ટ, જોઈન્ટ સેક્રેટરી તરીકે રાજેન્દ્ર ડોરી તથા ખજાનચી તરીકે ભાવેશ મકવાણાની પસંદગી થઈ છે.

કારોબારી સભ્યો તરીકે મકસુદ પરમાર, મહેશ સિંધવ, કરણ ગઢવી, હેમંત પરમાર, રુદ્ર ભટ્ટ અને રાજુ મિયાત્રાની બિનહરીફ વરણી કરવામાં આવી છે. જ્યારે મહિલા અનામત બેઠક પર મૃદુલાબેન મકવાણા ચૂંટાઈ આવ્યા છે.

ઉમેદવારી નોંધણી દરમિયાન મોટી સંખ્યામાં ક્લેમ બારના વકીલ ભાઈઓ અને બહેનોએ ઉપસ્થિત રહી પેનલને સમર્થન આપ્યું હતું. સેક્રેટરી નિલેશ પટેલ, જયેન્દ્ર ગોંડલીયા, પ્રગતિ માકડિયા, કેતન માંડ, યોગેશ ઉદાણી સહિત અનેક વરિષ્ઠ અને યુવા વકીલોએ ખુલ્લેઆમ આ પેનલને ટેકો જાહેર કર્યો હતો.

ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન ચૂંટણી કમિશનર જયેશ અતીત અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની કામગીરીને વકીલવર્ગે સરાહનીય ગણાવી હતી.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં સફળતા બાદ હવે ક્લેમ બાર એસોસિએશનમાં પણ નિકુંજ શુક્લાની ટીમે બિનહરીફ વિજય મેળવી સંગઠનમાં પોતાનું પ્રભુત્વ વધુ મજબૂત બનાવ્યું છે.

# અરુણાચલ પ્રદેશ મહિલા ક્રિકેટ ટીમમાં સ્વસ્તિ ચાવડાની પસંદગી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

## » માત્ર 16 વર્ષની ઉંમરે BCCIની ત્રણ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં તરીકે રમવાની તક; સૌરાષ્ટ્ર અને ગુજરાત માટે ગૌરવની ક્ષણ

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (SCA)ની પ્રતિભાશાળી મહિલા ક્રિકેટર સ્વસ્તિ ચાવડાની અરુણાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશનની સિનિયર વુમન્સ ટીમમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે પસંદગી કરવામાં આવી છે. ક્રિકેટ ક્ષેત્રે સતત શાનદાર પ્રદર્શનના આધારે સ્વસ્તિને આ મહત્વપૂર્ણ તક પ્રાપ્ત થઈ છે, જે સૌરાષ્ટ્ર અને ગુજરાત માટે ગૌરવની બાબત બની છે. અરુણાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન દ્વારા સ્વસ્તિ ચાવડાને આગામી BCCI આયોજિત ત્રણ મુખ્ય ટુર્નામેન્ટમાં ગેસ્ટ પ્લેયર તરીકે ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં વન-ડે ટ્રોફી, T-૨૦ ટ્રોફી અને સિનિયર વુમન્સ ઈન્ટરઝોનલ મલ્ટિડે ટ્રોફીનો સમાવેશ થાય છે. માત્ર ૧૬ વર્ષની નાની ઉંમરે સ્વસ્તિએ આ સિદ્ધિ હાંસલ કરી છે, જે તેની પ્રતિભા, મહેનત અને સમર્પણનો પુરાવો છે. આગામી ત્રણ સિઝન દરમિયાન તે અરુણાચલ પ્રદેશ તરફથી ગેસ્ટ પ્લેયર તરીકે મેદાનમાં ઉતરશે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા પણ સ્વસ્તિ ચાવડાને અરુણાચલ પ્રદેશ માટે ગેસ્ટ પ્લેયર તરીકે રમવાની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપલબ્ધિ બદલ તેના માતા નિશા ચાવડા અને પિતા વિપુલ ચાવડાએ સ્વસ્તિને આશીર્વાદ પાઠવી અભિનંદન આપ્યા છે. સાથે જ તેના કોચિસ અને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનો પણ આભાર વ્યક્ત કર્યો છે. ક્રિકેટ જગતમાં સ્વસ્તિ ચાવડાની આ પસંદગી યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની છે. ગુજરાતની દીકરીએ નાની ઉંમરે રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભાનો પરચો આપતાં સમગ્ર રાજ્યમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી છે. સ્વસ્તિની આ સિદ્ધિ રાજ્યની અન્ય દીકરીઓને પણ રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા આપશે.



# પંડિત જવાહરલાલ નહેરુનું રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન અવિસ્મરણીય : હેમાંગ રાવલ

» **સ્વતંત્રતા સંગ્રામમાં નવ વર્ષથી વધુ જેલવાસ ભોગવ્યો, આધુનિક ભારતના પાયા મજબૂત બનાવ્યા; ઈતિહાસને વિકૃત કરવાના પ્રયાસો સામે કોંગ્રેસનો વિરોધ**



**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું છે કે દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના યોગદાનને ઓછું દર્શાવવા અને ઇતિહાસને વિકૃત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ રાષ્ટ્ર નિર્માણમાં તેમનું યોગદાન અવિસ્મરણીય છે અને તેને કોઈપણ રાજકીય કારણોસર નકારી શકાય તેમ નથી.

અખબારી યાદીમાં તેમણે જણાવ્યું હતું કે પંડિત જવાહરલાલ નહેરુ માત્ર સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન જ નહોતા, પરંતુ તેઓ સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી સેનાની પણ હતા. ભારતની આઝાદી માટેના વિવિધ આંદોલનોમાં સક્રિય ભાગ લેવા બદલ તેમણે પોતાના જીવનના નવ વર્ષથી વધુ સમય બ્રિટિશ જેલોમાં વિતાવ્યો હતો. તેમના ત્યાગ, બલિદાન અને રાષ્ટ્રપ્રેમે સ્વતંત્ર ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે નહેરુ પરિવારે સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન પોતાની સંપત્તિ, સુખ-સગવડો અને અંગત જીવન દેશને સમર્પિત કર્યું હતું. સ્વરાજ ભવન અને આનંદ ભવન જેવી ઐતિહાસિક મિલકતો પણ રાષ્ટ્રહિત માટે સમર્પિત કરવામાં આવી હતી. વિવિધ ઈતિહાસકારોના અભ્યાસ મુજબ નહેરુ પરિવારે દેશસેવા અને રાષ્ટ્રહિતને સર્વોચ્ચ સ્થાન આપ્યું હતું.

હેમાંગ રાવલે જણાવ્યું કે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ દેશને આઝાદી મળી ત્યારે ભારત ગરીબી, નિરક્ષરતા, બેરોજગારી અને ઔદ્યોગિક પછાતપણું જેવા અનેક પડકારોનો સામનો કરી રહ્યું હતું. આવા સમયમાં પંડિત નહેરુએ આધુનિક ભારતના નિર્માણ માટે મજબૂત પાયો નાખ્યો હતો. તેમના નેતૃત્વ હેઠળ રચાયેલ પ્રથમ કેન્દ્રીય મંત્રીમંડળમાં સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર, મૌલાના અબુલ કલામ આઝાદ, લાલ બહાદુર શાસ્ત્રી, જગજીવન રામ સહિતના મહાનુભાવોએ દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

તેમણે જણાવ્યું કે નહેરુજીની લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતા એટલી મજબૂત હતી કે તેમણે અલગ રાજકીય વિચારધારાના ડૉ. શ્યામા પ્રસાદ મુખરજીને પણ મંત્રીમંડળમાં મહત્વનું સ્થાન આપ્યું હતું. આ તેમની રાજકીય સહિષ્ણુતા અને સર્વસમાવેશક અભિગમનું ઉત્તમ ઉદાહરણ છે.

હેમાંગ રાવલે જણાવ્યું કે પંડિત નહેરુએ શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજીને પ્રાથમિકતા આપીને IIT, AIIMS, UGC, CSIR અને એટોમિક એનર્જી કમિશન જેવી અગ્રણી સંસ્થાઓની સ્થાપના કરી હતી. ભિલાઈ, દુર્ગાપુર અને રાઉરકેલા જેવા વિશાળ સ્ટીલ પ્લાન્ટો તેમજ અનેક જાહેર ક્ષેત્રના ઉદ્યોગો દ્વારા દેશના ઔદ્યોગિક વિકાસને વેગ મળ્યો હતો. ભાખરા-નાંગલ, હિરાકુડ અને નાગાર્જુન સાગર જેવા મોટા બંધોને તેઓ "આધુનિક ભારતના મંદિરો" તરીકે ઓળખાવતા હતા.

વિદેશ નીતિના ક્ષેત્રમાં પણ પંડિત નહેરુએ ભારતને આગવું સ્થાન અપાવ્યું હતું. બિનજોડાણવાદી ચળવળના સ્થાપક નેતાઓમાં તેમનો સમાવેશ થાય છે. લોકશાહી, ધર્મનિરપેક્ષતા, સ્વતંત્ર ચૂંટણી પંચ, સંસદીય પરંપરાઓ અને ન્યાયતંત્રની સ્વાયત્તતાને મજબૂત બનાવવા માટે તેમણે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.હેમાંગ રાવલે અંતમાં જણાવ્યું હતું કે પંડિત જવાહરલાલ નહેરુએ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭થી ૨૭ મે ૧૯૬૪ સુધી સતત આશરે ૧૬ વર્ષ અને ૨૮૬ દિવસ દેશના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી, જે ભારતના ઈતિહાસમાં સૌથી લાંબો સતત વડાપ્રધાન કાર્યકાળ છે. આજે ભારત જે લોકશાહી, વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે તેના મજબૂત પાયા નહેરુ અને તેમના સાથી રાષ્ટ્રનિર્માતાઓએ નાંખ્યા હતા. ઈતિહાસને તોડમરોડ કરીને રજૂ કરવાને બદલે મહાન નેતાઓના યોગદાનને તથ્યોના આધારે સ્વીકારવું જોઈએ.

## માર્કેટ અપડેટ્સ




| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| UTKAL SPECIALITY INDUSTRIES INDIA | 10/6 | 12/6 | 62 - 66 | 4000 | 2,64,000 |
| SUSAN ELECTRICALS INDIA | 11/6 | 15/6 | 120 - 127 | 2000 | 2,54,000 |
| HORIZON RECLAIM (INDIA) | 12/6 | 16/6 | 98 - 103 | 2400 | 2,47,200 |
| LEAPFROG ENGINEERING SERVICES | 17/6 | 19/6 | 21 - 23 | 12000 | 2,76,000 |
| LIOTECH INDUSTRIES | 17/6 | 19/6 | 321 | 800 | 2,56,800 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- મોનાર્ક સર્વેયર્સ એન્ડ એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીને મહારાષ્ટ્ર ગ્રીન રોડ્સ કનેક્ટિવિટી માટે પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન સપોર્ટ કન્સલ્ટન્ટ માટે એડીબી/પીઆઈએસસી કન્સલ્ટિંગ સર્વિસીસ માટે કન્સલ્ટન્ટની નિમણૂકનો સ્વીકૃત પત્ર મળ્યો છે. પ્રોજેક્ટનું મૂલ્ય રૂ.૨૩,૫૩,૪૭,૦૦૦ છે અને આ પ્રોજેક્ટ જોઈન્ટ વેન્ચર હેઠળ પ્રાપ્ત થયો છે, જેમાં કંપનીનો ૭૦ ટકા હિસ્સો ધરાવે છે.
- એલએન્ડટી ટેકનોલોજી સર્વિસીસ લિ.એ જણાવ્યું છે કે અસેટ-સેન્ટિવ એન્ટરપ્રાઈઝ માટે એન્જિનિયરિંગ ઈન્ટેલિજન્સ (ઈએઆઈ)ને આગળ વધારવા ઈન્ડસ્ટ્રીયલ એઆઈ સોલ્યુશન્સના કો-ડેવલપ અને વિતરણ માટે અગ્રણી ડેટા અને એઆઈ કંપની ડેટાબ્રિક્સ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી છે.
- ઓઈલ ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે કંપની અને પેટ્રોલિયમ ટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (પીટીઆરસી), કેનેડાએ સહયોગ કરાર કર્યા છે.
- ઝેગલ પ્રીપેડ ઓશન સર્વિસીસ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ૧૦ જૂન, ૨૦૨૬ના રોજ ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિ. સાથે કરાર કર્યા છે.
- હિન્દુસ્તાન ઝિંક લિ.એ જણાવ્યું છે કે કંપનીએ રાજસ્થાનમાં ખાનખાલા, ભીલવાડા જિલ્લા સ્થિત મુખ્ય ઝિંક ઈન્ડસ્ટ્રિયલ પાર્ક પહેલ હેઠળ સલ્ફોઝાઈમ એગ્રો ઈન્ડિયા પ્રા. લિ. સાથે સમજૂતી કરાર કર્યા છે.
- ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિ.ને ડીવીસી તરફથી ૮૦૦ મેગાવોટના દુર્ગાપુર માટે લિમિટેડ નોટિસ ટુ પ્રોસિડ પ્રાપ્ત થઈ છે.
- ઈન્ફોસિસ લિ.એ જણાવ્યું હતું કે એન્ટરપ્રાઈઝ એઆઈ મેચ્યોરિટી ફ્રેમવર્કને આકાર આપવા માટે કંપનીએ સીએમએમઆઈ ઈન્સ્ટિટ્યૂટ સાથે જોડાણ કર્યુ છે.
- ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ગ્રાહકોને એન્ટરપ્રાઈઝ એઆઈ અપનાવવામાં મદદ કરવા માટે એન્થ્રોપિક સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી છે.


DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

# હું તો બેન્કમાં નોકરી કરતો હતો, મેં પહેલી વખત બંસરીને જોઈ બસ તેના પ્રેમમાં પાગલ થઈ ગયો




તે રાત્રે ગોપાલ, ગોવિંદ અને સલીમ સાથે જમવા બેઠા. હવે રોજ રાત્રે સાથે જમવાનો ક્રમ થઈ ગયો હતો. ગોવિંદ ડબ્બામાં કંઈક લઈ આવ્યો હતો. ગોપાલે ડબ્બો જોતાં પૂછ્યું, “આ શું લાવ્યા ભાઈ?”ગોવિંદે કહ્યું, “હાંડીની દાળ છે.”ગોપાલે પૂછ્યું, હાંડીની દાળ એટલે શું?ગોવિંદે કહ્યું, “જેલમાં હાંડી પણ બને છે. તને કોઈ દિવસ બતાવીશ. આપણી બેરેકમાં પણ પહેલાં હાંડીઓ ચાલતી હતી. મેં જ બંધ કરાવી. બધાને કહી દીધું કે, કોઈ આપણો કોલર પકડે તેવું કોઈ કામ આપણે કરવાનું નહીં. સર્કલના કેદીઓએ હાંડી બનાવી હતી, ત્યાંથી દાળ લેતો આવ્યો છું. જમી જો. આજે તને ફાઈવ સ્ટાર હૉટેલનો ટેસ્ટ આવશે.”ત્રણેય સાથે જમવા બેઠા. ગોપાલે પહેલો કોળિયો ખાતાં જ કહ્યું, “ભાઈ, આવી દાળ તો મેં બહાર પણ ખાધી નથી. શું ટેસ્ટ છે!”ગોવિંદે આસપાસ જોયું અને એક કેદીને બૂમ મારતાં કહ્યું, “ઓય, અહીં આવ.”પેલો કેદી દોડતો આવ્યો અને ઘૂંટણીયે બેસીને ભાઈને પૂછ્યું, “હા ભાઈ?”ગોવિંદે તેની સામે જોતાં જોતાં પૂછ્યું, “પહેલાં તું અહીં હાંડી બનાવતો હતો?”તે ડરી ગયો. તેણે કોઈ જવાબ આપ્યો નહીં. ગોવિંદે ત્રાસી આંખે એની સામે જોયું. “એ તો પહેલાં ભાઈ. હવે હું નથી બનાવતો.”ગોવિંદે મોઢામાં કોળિયો મૂકતાં કહ્યું, “હમણાની વાત નથી કરતો, પહેલાંની જ વાત કરું છું.”પેલા કેદીએ ગોપાલ અને સલીમ સામે જોયું અને કહ્યું, “હા ભાઈ, પહેલાં તો બનાવતો હતો.”ગોવિંદે કહ્યું, “સારુ, કાલે સાંજે હાંડી બનાવશું. આ ગોપાલને જોવી છે કે, હાંડી શું હોય!”પેલાએ કહ્યું, “જી ભાઈ.”હજી પેલો બેસી જ રહ્યો હતો. ગોવિંદે તેની સામે જોયા વગર જ કહ્યું, “ચાલ ઉપડ.”પેલો કેદી ઊભો થઈને જતો રહ્યો. ગોપાલને હાંડી વિશે જાણવાની તાલાવેલી જાગી. જમીને ઊભા થયા પછી ગોવિંદે રામની વાત કાઢી. જોકે હવે ગોવિંદની વાતમાં ગોપાલનું મન નહોતું. તેણે અચાનક ગોવિંદને રોકતાં કહ્યું, “ભાઈ, માઠું ન લાગે તો એક વાત પુછું?”ગોવિંદે તેની સામે જોયું. જો ગોપાલની જગ્યાએ બીજા કોઈ કેદીએ ગોવિંદની વાત કાપી હોત, તો એના મોઢા પર એક ઝાપટ આવી ગઈ હોત. પણ ગોપાલ અપવાદ હતો. ગોવિંદે આંખો ઊંચી કરીને કહ્યું, “પૂછ.”ગોપાલે આસપાસ જોયું, સલીમ સામે નજર કરી અને પછી ધીમા અવાજે પૂછ્યું, “ભાઈ તે દિવસે સલીમે તેની મુમતાઝની વાત કરી, ત્યારે તમારી આંખો કેમ ભીની ગઈ થઈ હતી?”ગોવિંદે આંખો બંધ કરીને ઊંડો શ્વાસ લીધો. ગોપાલને લાગ્યું કે, તેનાથી કોઈ તો ભૂલ તો થઈ નથીને! ગોવિંદે આંખો ખોલી. સલીમના પગ પર હાથ મૂકતાં કહ્યું, “સલીમ મુમતાઝની અને તું નિશીની વાત કરે છે, ત્યારે મને બંસરી યાદ આવી જાય છે. આમ તો હું એને ભૂલવાનો પ્રયત્ન કરું છું; પણ બંસરી મને ભૂલવા દેતી નથી.”ગોવિંદ આટલું કહીને ચૂપ થઈ ગયો. ગોપાલ અને સલીમ એકબીજાની સામે જોવા લાગ્યા. થોડી શાંતિ પછી ગોપાલે ડરતાં ડરતાં પૂછ્યું, “બંસરીભાભી ક્યાં છે?”ગોવિંદ જમીન સામે જોઈ રહ્યો. ક્યાંય સુધી તેમ જ બેસી રહ્યો. પછી તેણે ગોપાલ સામે જોયું અને કહ્યું, “બંસરી હવે આ દુનિયામાં નથી. એણે આત્મહત્યા કરી લીધી છે.”એકદમ સન્નાટો છવાઈ ગયો. ગોવિંદ જેને પ્રેમ કરતો હતો, એ બંસરી હવે આ દુનિયામાં નથી એવું સાંભળીને સલીમ અને ગોપાલ સ્તબ્ધ થઈ ગયા. ગોવિંદ જેવા બરછટ માણસને પ્રેમ પણ થાય! આ વાત સલીમ માની શકતો નહોતો. ગોપાલ અને સલીમ પૂછવા માગતા હતા કે, શું થયું હતું? પણ તેમની હિંમત થઈ નહીં.

પાંચ સાત મિનિટ સુધી કોઈ સંવાદ થયો નહીં. ગોવિંદે જ પોતાની વાત શરૂ કરતાં કહ્યું, “મેં જે વર્ષે ગ્રેજ્યૂએશન પૂરું કર્યું, તે જ વર્ષે મને હિંમતનગરની બેંકમાં નોકરી મળી ગઈ. મારા બાપા ગોરપદું કરતા હતા. તેમને ગામના લોકો સાથે સારો સંબંધ. બધા તેમને ગોર મહારાજ કહેતા. બાપાએ બેંકના ચેરમેનને વાત કરી અને મને નોકરી મળી ગઈ. બ્રાહ્મણ હોવાને કારણે મને બેંકમાં કોઈ ગોવિંદ કહેતું નહીં. બધા મને મહારાજ જ કહેતા. મારી જિંદગી સરળ હતી. ઘડિયાળના કાંટે ચાલતી હતી. સવારે દસ વાગ્યે નીકળવાનું અને સાંજે છ વાગ્યે ઘરે પહોંચી જવાનું.બાપાની ઈચ્છા હતી કે, મારે પણ ગોરપદું કરવું જોઈએ. તો બે પૈસા વધારે મળે. સ્કૂલમાં હતો ત્યાં સુધી બાપા સાથે પૂજા, લગ્ન, વિધિ વગેરે કરાવવા જતો, પણ મને તે કામમાં કોઈ રસ નહીં. નોકરી મળી એટલે બાપા મારા માટે છોકરી શોધી રહ્યા હતા, પણ તે દિવસે મેં બેંકમાં બંસરીને જોઈ.એ પોતાની દાદીને લઈને બેંકમાં આવી હતી. બંસરી અને તેની દાદીએ રબારી સ્ત્રીઓ પહેરે તેવા જ કપડાં પહેર્યા હતા. મને ખબર પડી ગઈ કે, એ રબારી છે. પહેલાં તો



પ્રશાંત દયાળ

મારું ધ્યાન એમની તરફ એમના ગામઠી કપડાંને કારણે ગયું. પછી હું મારા કામમાં લાગી ગયો. ત્યાં એકદમ મારા કાને અવાજ પડ્યો, “કોઈ માણહ હાથે કેવી રીતે વાત કરવી, એની ખબર પડે હે કે નહીં? નવાઈના ભણ્યા છો! સંસ્કાર જેવું કાંઈ હે કે નહીં?” આ અવાજને કારણે બધાનું ધ્યાન તેમની તરફ ગયું. હું ઊભો થયો અને કાઉન્ટર પરથી જોયું તો, જે જુવાન છોકરી હતી, તે કેશિયરને ધમકાવી રહી હતી. અવાજ સાંભળીને મેનેજર પણ ચેમ્બરમાંથી બહાર આવી ગયા. તેમણે કેશિયરને પૂછ્યું, “શું થયું?”કેશિયર કંઈ જવાબ આપે તે પહેલાં જ પેલી છોકરીએ કહ્યું, “સાહેબ આ તમારા માણહને બોલતા હીખવો, ઘયડા માણહ હાથે કેવી રીતે વાત થાય!”

કેશિયરે પોતાનો બચાવ કરતાં કહ્યું, “સાહેબ માજીની સહી મેચ થતી નહોતી, એટલે મેં ફરી સહી કરવાં કહ્યું. પેલી છોકરીનો પારો છટક્યો. તે રીતસર તાડુકી, “એ... જુઠ્ઠીના... તે આ બાને ડોહી કહી. ભાન પડે સે?”મેનેજર વાત સમજી ગયા. અચાનક તેમનું ધ્યાન મારી તરફ ગયું. તેમણે મને કહ્યું, “મહારાજ, માજીને મદદ કર.”હું કાઉન્ટરની બહાર આવ્યો. માજીને ખુરશી પર બેસાડ્યાં બેંકનું કાર્ડ બતાવીને કહ્યું, “બા, આવી સહી કરવાની.”બા સહી કરી રહ્યાં હતાં ત્યારે મેં બંસરીને પહેલી વાર નજીકથી જોઈ. રૂપ રૂપનો અંબાર! મારું મન તો ત્યાં જ મારાં ખાતામાંથી ડેબિટ થઈ ગયું અને એના ખાતે જમા થઈ ગયું. મારા મને જાણે સાફ શબ્દોમાં મને કહ્યું, “ઉપરવાળાએ તારા માટે જ બનાવી છે.” હું માજીની સ્લીપ કેશકાઉન્ટર પર લઈ ગયો. કેશિયરે ફરી સહી ચેક કરી. એના ચહેરા પર ગુસ્સો હતો. મેં પૈસા લીધા અને પાછો બંસરી અને તેનાં દાદી બેઠાં હતાં, ત્યાં આવી બંસરીના હાથમાં પૈસા મૂકયા. બંસરીને કહ્યું, “ગણી લેજો.”એણે મારી આંખોમાં જોયું. એની નજર ધારદાર હતી! મેં મારી નજર ફેરવી લીધી. બંસરીએ ધીરે ધીરે નોટો ગણી અને કહ્યું, “બરાબર છે.”બંસરીએ દાદીનો હાથ પકડ્યો, દાદી ઊભાં થયાં, બંને બેંકની બહાર તરફ ચાલવાં લાગ્યાં. મેં હિંમત કરીને પૂછ્યું, “તમારું નામ?”બંસરી એકદમ અટકી. તેણે પાછું ફરીને જોયું અને પૂછ્યું, “કેમ?”એની આંખમાં ગુસ્સો હતો. મને લાગ્યું કે, આ છોકરી મારી આબરૂ અહીં જાહેરમાં જ લીલામ કરશે. હું ધ્રુજી ગયો. પછી એના ચહેરા પર એકદમ સ્મિત આવ્યું અને બહાર જતી વખતે બોલી, “બંસરી.”બસ એ પછી તો મારા મનમાં ઘર કરી ગઈ. પછી એ મને ક્યારેય મળી નહીં. મારે તો મળવું હતું, પણ એને શોધું ક્યાં? સાચું કહું તો, એને મળવાની મારી હિંમત પણ થતી નહોતી. છ મહિના પછી શામળાજીમાં મેળો લાગ્યો હતો. હું મારા મિત્રો સાથે મેળામાં ગયો હતો. ત્યાં ઘણી બધી છોકરીઓ હતી. અચાનક મને બંસરી દેખાઈ ગઈ. ખબર નહીં ક્યાંથી હિંમત આવી, મેં બૂમ પાડી, બંસરી

(ક્રમશઃ)